**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : ૩૨૯૦૫૦૭

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| દિવ્યેશ બન્યો ગંગેશ | નારાયણ હ. જાની | ૧૪ |
| શ્રી હરિનો બાયો–ડેટા | મા સર્વેશ્વરી | ૨૨ |
| સ્વર્ગારોહણ સત્કર્મોનું ધામ | નારાયણ હ. જાની | ૨૩ |
| ઇશુના ૨૦૦૬ના વર્ષને વિદાય | — | ૨૭ |
| રાધાબેનને સન્માન્યા | તંત્રી | ૨૮ |
| ૧૫ જાન્યુઆરી, સાધનાદિન | તંત્રી | ૨૯ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૩૧ |
| શ્રી શ્રી મા શારદાદેવી–૧૪ | પ્રો.અરૂણિકા મનોજ દરૂ | ૩૮ |
| નેત્રયજ્ઞની સક્ષિપ્ત વિગત | યોગેશ પંડ્યા | ૪૬ |
| News paper report on shobha Yatra | Laura Martinez | ૫૫ |
| સેંકડો હિંદુઓએ શોભાયાત્રામાં ભાગ લીધો | તંત્રી | ૫૭ |
| પોયણું પાંગર્યું | મા સર્વેશ્વરી | ૫૯ |

# એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ

**શ્રી યોગેશ્વર**

આપણે કોઈને કહીએ કે પાણી લાવો તો તે પાણી લાવે, પરંતુ બીજી જ પળે જણાવીએ કે પાણી નહિ, જળ લાવો; તો શું એ કોઇ બીજી વસ્તુ લાવે? જળને બદલે નીર કહીએ, વારિ કે સલિલ નામ આપીએ તો પણ પદાર્થ તો એ જ લાવવામાં આવે. ભાષાશાસ્ત્રીઓ એને જ વોટર, પાની વગેરે નામોથી ઓળખાવે છે. માનવે પોતાની સુવિધા અને જીવનચર્યા માટે ભાષાના શબ્દકોશનું સર્જન કર્યું છે. પાણીને માટેના ભિન્ન ભિન્ન ભાષાઓના શબ્દો કે પર્યાયો જુદા, પરંતુ એ શબ્દો દ્વારા સૂચવાતો વ્યંજનાત્મક પદાર્થ એક જ હોય છે. એવું જ ઈશ્વરના સંબંધમાં સમજી લેવાનું છે. ઈશ એટલે શાસન કરવું, અને ઈશ્વર એટલે સંસારનું શાસન કરનાર. એ શાસન કરનારી કોઈ વ્યક્તિ નથી પરંતુ પરાત્પર પરમ સર્વશક્તિમાન શક્તિ છે. એને કોઈ ગોડ કહે છે, કોઈ અહુરમજદ અથવા અલ્લા કે ખુદા તરીકે ઓળખાવે છે. કોઈ ઈશ્વરને પરબ્રહ્મ કે પરમાત્માનું અભિધાન આપે છે, તો કોઈ વળી બીજા નામથી પોકારે છે. નામો જુદાં જુદાં પરંતુ નામી એક જ છે. વેદે એને માટે સત્ શબ્દનો પ્રયોગ કર્યો છે. સત્ એટલે કે જે પૂર્વે હતા, આજે છે, અને ભવિષ્યમાં પણ રહેશે તે. અજર, અમર, શાશ્વત સત્તા. જેને જન્મમરણ, વ્યાધિ–વાર્ધક્ય–વિકાર કશું જ નથી તે. વૈદિક ઋષિઓ કહે છે કે એ પરમ સત્યસ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. સત્યં પરં ધીમહિ. સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ. પરમાત્મા સત્યસ્વરૂપ પરમજ્ઞાનરૂપ, અનંત છે. સ દેવ સૌમ્ય



ઈદમગ્રમાસીત્ હિ સૌમ્ય! સૌથી પહેલાં, સૃષ્ટિની શરૂઆતમાં, આ સત્ય જ હતું એટલે કે સત્યસ્વરૂપ પરમાત્મા જ હતા.

ઉપનિષદે એવી રીતે પરમાત્માને કેવો સરસ વિચાર રજૂ કર્યો છે? સત્ય એક જ છે, પરમાત્મા માટેએક જ છે, પરંતુ વિદ્વાનો ઋષિ કે પંડિતો એમની અનેકવિધ અભિવ્યક્તિ કરે છે; એમને જુદાં જુદાં નામે વર્ણવે છેઃ એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ. આપણે આટલું સમજી લઈએ તો? ધર્મ અને સંપ્રદાયોમાં ઈશ્વરને નામે જે વાદવિવાદો અને ઝઘડાઓ ચાલે છે એનો અંત આવી જાય, અને સૃષ્ટિમાં શાંતિ સ્થપાય. આપણે સમજી લઈએ કે આપણને આપણી માન્યતાના પરમાત્મા પ્રિય છે, તેવી રીતે બીજાને પણ પ્રિય છે. આપણી પેઠે બીજાને પણ એમને માટેની માન્યતાને સેવવાનો માનવીય અધિકાર છે. જુદાં જુદાં નામો તથા રૂપોને જ સર્વકાંઈ સમજીને દુરાગ્રહને વળગીને બેસી રહેવાને બદલે એમની પાછળના, અંદરના અને બહાર-ના તત્ત્વને જ મહત્ત્વનું માનીએ અને ધ્યાનમાં રાખીએ તો ઈશ્વરને નામે સર્વ પ્રકારના પૂર્વગ્રહોમાંથી મુક્તિ મેળવીને કોઈની સાથે નિરર્થક અનાવશ્યક ઘર્ષણમાં ના ઊતરી પડીએ. સરવાળે આપણને અને બીજાને લાભ જ પહોંચે.

વેદાદિ ધર્મગ્રંથો જણાવે છે કે એ પરમસત્ય કે પરમાત્મતત્ત્વ સમસ્ત સૃષ્ટિમાં અને સૃષ્ટિના સ્વરૂપમાં પ્રસરેલું ને પથરાયેલું છે. વિદ્વાનો એને જુદાં જુદાં નામે ઓળખે છે અને ઓળખાવે છે. તો પણ, પ્રજ્ઞાનો પરિપાક થતાં આજુબાજુ, અંદરબહાર બધે જ એ પરમાત્મતત્ત્વનો સ્વાનુભવ સહજ બને છે અને પરિણામે જીવન સંવાદી, શાંત, સુખદ તેમ જ સુધામય બની રહે છે.

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૮ ફેબ્રુઆરી–૨૦૦૭ અંક ૫

# શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**તા. ૧૩–૧૨–૮૧ રવિવાર, માગસર વદ ત્રીજ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટાએના, કેલીફોર્નિયા, અમેરિકા.**

સવારે પૂ. શ્રી સૌ પ્રથમ બ્રશ કરે છે. પછી શૌચ ક્રિયા પૂર્ણ કરી સ્નાન કરી લે છે. સ્નાન પછી તરત જ વ્યાયામ શરૂ કરી દે છે. લેખનકાર્ય પહેલાં માથામાં તેલ પણ નાંખી દે છે. લેખન-કાર્ય પલંગ પર બેસીને પગ ઉપર ઓશીકુ મૂકીને શરૂ કરે છે. રામાયણનું લેખન ચાલી રહ્યું છે. સવારે પૂ. શ્રી ખાસ કશું જ બોલતા નથી. એટલે કે લગભગ મૌન રહીને જ બધાં કાર્યો કરે છે. નવ વાગ્યે શ્રી કંચનબેન દૂધ મૂકવા માટે આવે છે ત્યારે પૂ. શ્રીને તેઓ દૂરથી નમસ્કાર કરી દર્શન કર્યાનો સંતોષ મેળવી લે છે. પૂ. શ્રી તો પોતાના લેખનકાર્યમાં મગ્ન જ હોય છે. સર્વેશ્વરી પણ આજકાલ તો કંચનબેન સાથે મૌન જ રાખે છે. તેઓ દૂધ મૂકીને ચાલ્યાં જાય છે.



પૂ. શ્રી લેખન બાદ જપ કરતાં કરતાં થોડો આરામ કરે છે. હાથમાં માળા ફરે છે. સાડા અગિયાર પછી પૂ. શ્રી સામેના બેઠક રૂમમાં દરરોજની જેમ શાંતિથી આવી જાય છે.

પૂ. શ્રી બેઠા. વળી આજે સર્વેશ્વરી પણ ભોજન બનાવવા-માંથી નિવૃત્ત થઇ બેઠાં છે. આજે ભોજનમાં મગ, ભાત જ બનાવવાનાં હતાં. એ અંગે જ વાતો શરૂ થઇ.

શ્રી કંચનબેન : મહાત્માજી આજે તો છૂટા મગ ને ભાત જ બનાવ્યાં, તો બીજું કશું બનાવવું જોઇએ.

પૂ. શ્રી : ઈશ્વરની યોજના જ એવી છે. છૂટા પાડવાની. જ્યાં અનેક હતા ત્યાં એક જ રહ્યા. જ્યાં એક હતા ત્યાં અનેક થયા. ભેગા થયેલાને પ્રભુ છૂટા જ કરે છે. સંસારનું સ્વરૂપ જ છૂટા પાડવામાં રહેલું છે.

પ્રશ્ન : દેવસ્થાન પૂજા પછી બંધ કેમ રાખવામાં આવે છે? ઘણાં એવું માને છે કે અપવિત્ર લોકોના પડછાયા પડે તેથી ભગવાનને બંધ જ રાખવા જોઇએ, તો એ સાચું છે?

પૂ. શ્રી પ્રભુ તો પવિત્ર જ છે. એને કોઇ અપવિત્ર કરી શકતું નથી. પાપીને પણ પ્રભુ તો પવિત્ર બનાવે છે. પણ કાર્ય પૂર્ણ થાય એટલે બંધ કરી દે છે.

પ્રશ્ન : શંકર ભગવાનની મૂર્તિને બદલે લીંગ કેમ હોય છે?

પૂ. શ્રી : પહેલેથી શંકર ભગવાનની મૂર્તિને બદલે લીંગ જ હોય છે. હમણાં હમણાં નવા મંદિરો થયાં તેમાં મૂર્તિઓ થાય છે. સંસારની ઉત્પત્તિ કેવી રીતે થાય તેનું લિંગ સૂચક છે. નીચે યોનિ છે, ઉપર લીંગ છે. પ્રકૃતિ મારી યોનિ છે એમ ભગવાન કહે છે. તેમાં સંયોગ થતાં આખીયે સૃષ્ટિનું સર્જન થાય છે. પરમાત્માની સૃષ્ટિના સર્જનની એ સૂચક છે.

શિવને બીલીપત્ર ચઢાવે છે—સત્ત્વ, રજ, તમ ગુણવાળું મન પ્રભુને અર્પણ કરો.

પાણીની ધારા થાય છે—યોનિ ને લીંગ બંનેને ઠંડા રાખો. અર્થાત્ શાંત રાખો એ અર્થ હોય છે. પણ અર્થ કોઇને સમજવા નથી.

મુલાકાતનો સમય પૂરો થતાં પૂ. શ્રી પોતાના ઓરડામાં આવી જાય છે. ભોજન લઇ લે છે. ભોજન બાદ દૂધ પીએ છે. થોડો આરામ કરી લેખનકાર્ય કરે છે.

સાંજે દરરોજની જેમ ધ્યાનની બેઠક થાય છે. જેમાં ઘરના સૌ પણ ભાગ લે છે. સમયસર પ્રવચનને સ્થળે પહોંચવાનું બને છે. માર્ગમાં વાતો થાય છે. એક નાનકડી બેન પૂ. શ્રીને હવે ભારતમાં મળવાનું થશે ત્યાં સુધી એક ટંક ભોજનનો નિર્ણય કરે છે. પૂ. શ્રીએ કહ્યું, 'એ નિર્ણય લેવા કરતાં ભૂલેચૂકે પણ ગમે તેવા પ્રલોભનો આવે તો પણ હવે માંસ ન ખાવું એ નિયમ રાખો. વળી સવાર સાંજ પ્રભુને પ્રાર્થના કરવાનો નિયમ રાખવો. હે પ્રભુ! મને સદ્‌બુદ્ધિ આપો. મારા ઉપર કૃપા કરજો. સરળગીતાનો એક અધ્યાય વાંચવો.' વગેરે વાતોમાં પ્રવચન સ્થળ આવી ગયું.

પ્રવચન બાદ ઉતારા પર આવી ઉપમાનો નાસ્તો લઇ, ધ્યાનમાં બેસી આરામ. હરિઃ ૐ.

**તા. ૧૪–૧૨–૮૧ સોમવાર, માગસર વદ ચોથ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટાએના, કેલીફોર્નિયા, અમેરિકા.**

સવારે સ્નાન, વ્યાયામ કરી પૂ. શ્રી લેખનકાર્ય માટે બેઠા ત્યાં કહ્યું, 'અહીં હજુ તો ઘણા દિવસો રહેવાનું છે. એના કરતાં થોડા જલ્દી અહીંથી નીકળીને ન્યુયોર્ક જઇએ તો સારું. જેથી



જેમ બને તેમ વહેલી ટિકીટ બુક કરાવે એવું જણાવી દો.'

પૂ. શ્રી ગુજરાતના કેન્દ્રોને પણ લાભ આપવા માગે છે. એથી અહીં હવે પૂરતું છે એમ લાગે છે. વડોદરા, સૂરત, ભાવનગર, મોરબી વગેરે કેન્દ્રોને ન્યાય મળે તે જરૂરી છે. એ દૃષ્ટિએ હવે અહીં પૂરતું છે.

આજે મુલાકાતમાં કોઇ નોંધને યોગ્ય ચર્ચા ન થઇ. એક–બે ગૃહસ્થી ભાઇઓના નિયમોની વાત કરી. વળી રૂદ્રાક્ષની માળા વિશે થોડી વાતો થઇ. પછી રામાયણ સંભળાવ્યું.

મુલાકાત પૂરી થતાં ખીચડી, શાક ભોજનમાં લીધા. આરામ કર્યો. સાંજે ધ્યાનની બેઠક પહેલાં શ્રી ભગવાનજીભાઇને થોડો વ્યાયામ શીખવ્યો. પૂ. શ્રીએ પણ થોડો વ્યાયામ કરી બતાવ્યો. ધ્યાન બાદ પ્રવચન માટે જવા નીકળ્યા.

અહીંથી હોલ ૧૭ માઇલ દૂર છે. માર્ગમાં શ્રી કંચનબેન સાથે થોડી વાતો થઇ.

પ્રશ્ન : માળા કરવાનો નિયમ કોઇ વાર તૂટે તો?

પૂ. શ્રી : બાળકો વર્ગમાં ભણતા હોય ત્યારે 'એકી જાઉ, બેકી જાઉ, લાગ મળે તો નાસી જાઉ' એ રીતે પોતે સમય કાઢતા હોય છે. તેમ તમારે પણ સમય કાઢવો. ભોજન માટે કેમ સમય કાઢીએ છીએ ને? તેમ એ નિયમ પણ પાળવો જ. જ્યાં સુધી નિયમ ન પળાય ત્યાં સુધી ખાવું નહીં એ કરતાં સૂવું નહીં એમ રાખો. જેથી રાત્રે સૂતા પહેલાં જપ થાય જ.

પ્રવચનમાં આજે દૃષ્ટાંત સહિત વાતો થઇ. પ્રવચન બાદ ઉતારા ઉપર આવતાં જ ઇંગ્લેન્ડથી શ્રી અંબાલાલભાઇનો ફોન હતો. જેથી પૂ. શ્રીએ થોડી વાતો કરી. આજે મમરા ને દૂધનો હળવો નાસ્તો લઇ ધ્યાનમાં બેઠા, પછી આરામ. હરિઃ ૐ.

**તા. ૧૫–૧૨–૮૧ મંગળવાર, માગસર વદ પાંચમ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : આલોહા મોટલ,**
**સાન્ટાએના, કેલીફોર્નિયા, અમેરિકા.**

સવારે ૪ વાગ્યે પૂ. શ્રી ધ્યાનમાં બેઠા તે પહેલાં સર્વેશ્વરીને પણ ધ્યાનમાં બેસવાની સૂચના આપી. નિયમિત સ્નાન બાદ વ્યાયામ થયો. દૂધ પણ સમયસર પીવાયું.

આજે પરમહંસ યોગાનંદ અને રામકૃષ્ણદેવનું સ્થાન જોવા જવાનો કાર્યક્રમ હતો. જેથી આજે મુલાકાત રાખી ન હતી. ચણા ને ભાતનું ભોજન સમયસર લઈ લેવાનું બન્યું. અહીંથી બે ગાડીઓમાં બેસી સૌ એ સ્થાનના દર્શને જવા નીકળ્યા. લગભગ દોઢ કલાકની મુસાફરી પછી તે સ્થાન આવી ગયું.

વિશાળ પ્રવેશદ્વારવાળા તે સ્થાનમાં જ્યારે અમારી ગાડીઓ પ્રવેશી ત્યારે ડાબી બાજુ પુસ્તકની દુકાન જોવા મળી. જરા આગળ જતાં જ એક જૂના કૂવાનું સ્મારક જોવા મળ્યું. જ્યાં પરમહંસ યોગાનંદનો ફોટો પણ તે કૂવા સાથે હતો. તે એક ગોળ સ્મૃતિ ઘર જેવા આકારના ઘરમાં હતો. તેની પાસે જ મુખ્ય હોલ જોવા મળ્યો. વળી પાસે જ એક આંબાનું ઝાડ જોવા મળ્યું.

બહાર ખુલ્લામાં શ્રી યોગાનંદજી દર રવિવારે જ્યાં ગીતાના વર્ગ ચલાવતા તે સ્થાન જોવા મળ્યું. વૃક્ષોની છાયા વચ્ચે પથ્થરની કુદરતી બેઠકો ગોળાકારમાં ગોઠવી હતી. આશ્રમના મંત્રી મી. પોલ સાથે વાતો કરી. દયામાતાના દર્શન આવનાર મુલાકાતીઓને થાય એ માટે પણ પ્રયત્ન કર્યા, પણ એ વાત અશક્ય બની. પૂ. શ્રીએ તે મંત્રીને પોતાના એક પુસ્તકની વાત કરી. તે મંત્રીએ કહ્યું કે તમારા અનુવાદના એ પુસ્તક માટે હું રાંચી (ભારત) લખીશ.



હોલમાં યોગાનંદજી, યુક્તેશ્વરજીના ફોટાઓ જોવા મળ્યા. વળી શ્રી યોગાનંદનાં પુસ્તકો, સ્વેટર, શર્ટ, શાલ, વાળ, પાકીટ, ચપ્પુ, ટેબલ લેમ્પ જોવા મળ્યા. ધ્યાનનો હોલ પણ જોવા મળ્યો. એ સ્થળનું નામ અને સરનામુ :

Self Realization Fellowship
3880, San Rafael Avenue
Los Angeles.
Tele. **213–225–2471**

એ સ્થાનને 'ઈન્ટરનેશનલ હેડ ક્વાર્ટર્સ–ધ મધર સેન્ટર'ને નામે પણ ઓળખવામાં આવે છે. સ્થાન ખૂબ વિશાળ છે. બગીચામાં હરણનાં બે પૂતળાઓ પણ જોવા મળ્યાં. ખુલ્લુ મેદાન પણ છે.

સાથે આવનાર ભાઈબેનોએ 'યોગી કથામૃત'ના પુસ્તકો લીધાં. પૂ. શ્રીએ મી.પોલ સાથે અંગ્રેજીમાં ઘણી વાતો કરી. એ સ્થાનમાંથી વિદાય થઈ અમે રામકૃષ્ણ વેદાંત સેન્ટરમાં ગયા. તે સ્થાનનું નામ 'વેદાંત સોસાયટી–હોલીવુડ' હતું.

ત્યાંના પ્રમુખ શ્રીસ્વામી સોહાનંદ હતા. અમને ઉતાવળ હોવાથી ખૂબ ઝડપથી તે સ્થાનના દર્શન કરી લીધાં. મંદિરમાં નાનકડા ફોટા હતા. જેમાં સ્વામી બ્રહ્માનંદનો પણ પૂજામાં ફોટો હતો. સાથે આવનારાઓએ તે સ્થાનમાંથી ફોટા વગેરેનું ખરીદ કામ કર્યું.

ત્યાંથી આગળ જવા માટે નીકળ્યા. પરમહંસ યોગાનંદજીનું બીજું સ્થાન જે દરિયા કિનારે વિશાળ જગ્યામાં છે તે ૫:૦૦ વાગ્યે બંધ થાય. જેથી ઝડપથી અમારી બન્ને ગાડી તે તરફ દોડવા લાગી.

સ્થાનનું નામ :

Lakeshrine

Hlao Sunset Blvd., Pacific Palisades.

Tele. **415–4114.**

પાંચ વાગવાની તૈયારી હતી. અમારી ગાડી જ્યારે એ સ્થાનમાં આવી ત્યારે પાંચમાં બે જ મિનિટની વાર હતી. સદ્ભાગ્યે દરવાજો ખુલ્લો હતો. જેથી ગાડી અંદર ગઈ. અને ગાડીમાંથી શ્રી ભગવાનભાઈ સૌ પ્રથમ બહાર નીકળે છે. ત્યાં જ એક ભાઈ કહેવા આવે છે, 'સમય થઈ ગયો છે.' શ્રી ભગવાનજીભાઈએ, 'પાંચ જ મિનિટ આપો.' તે ભાઈ કહે, 'પાંચ મિનિટમાં તો શી રીતે જોઈ શકાય?'

ત્યાં જ પૂ. શ્રી ગાડીમાંથી બહાર નીકળવા પગ બહાર મૂકે છે ત્યાં જ એક ભગવા વસ્ત્રધારી પૂ. શ્રીને, અરે! એમના પહેરવેશ–ધોતીયાને જોઈને તરત જ દોડી આવે છે. પ્રણામ કરે છે. પેલા ભાઈને કહે છે, 'તમે જાઓ. હું બધું બતાવું છું.' પૂ. શ્રીને જોઈને કહ્યું, 'આપ ત્રણ વર્ષ પર આવેલા. યોગ વિશે વાતો થયેલી. ચાલો, ખૂબ આનંદ થયો.' તે હતા સ્વામી તુરીયાનંદ.

પૂ. શ્રી : તમારે સમય તો થઈ ગયો છે. અમે મોડા પડ્યા છીએ.

તુરીયાનંદ : આપને માટે કોઈ સમયનું બંધન નથી.

સ્વામી તુરીયાનંદ સ્વીટઝર્લેન્ડના વતની. અહીં વરસોથી રહે છે. પરમહંસ યોગાનંદનાં તેમણે દર્શન કર્યા નથી. સ્વામીજી ખૂબ નમ્ર, સરળ, પ્રેમાળ, મિલનસાર સ્વભાવના ભાવનાવાળા છે.



પૂ. શ્રી સાથે તેમના ફોટાઓ લેવાનું કામ શ્રી ભગવાન-ભાઈએ શરૂ કર્યું. પૂ. શ્રી સાથે તેમણે વાતો કરતાં કહ્યું :

મને સૂક્ષ્મરૂપે ઘણીવાર શ્રી યોગાનંદજીની પ્રેરણા મળ્યા કરે છે. એમની હાજરી મને અનુભવવા મળે છે.

એક યહુદીની આ મિલકત હતી. તેમને સ્વપ્ન આવેલું કે હિન્દુસ્તાનથી આવેલા ધર્મ પ્રચારકને આ મિલકત આપી દે. અને સાચે જ બીજે જ દિવસે યોગાનંદજીએ એ સ્થાનની માંગણી કરી. તે યહુદીએ એ મિલકત જૂજ જ કિંમતે આપી દીધી!

સ્વામી તુરીયાનંદજીએ આજે પણ એવી ભાવના વ્યક્ત કરી જે ત્રણ વરસ ઉપર રજૂ કરેલી. 'મારે બીજો જન્મ ભારતમાં હિન્દુ માતાને ત્યાં લેવો છે. યોગાનંદજીને એમની માતાએ જ નાનપણમાં ધર્મનું જ્ઞાન આપેલું. એ રીતે મને પણ તે જ્ઞાન મળે. ગુરુદેવ કહેતા કે, બાઈબલ કરતાં ભગવત ગીતા જ શ્રેષ્ઠ ગ્રંથ છે.'

પૂ. શ્રી સાથે બીજી પણ વાતો કરી. વળી તે સ્થાનમાં આવેલું મ્યુઝીયમ પણ સ્વામી તુરીયાનંદે ખોલીને બતાવ્યું. તે ૪:૦૦ વાગ્યે બંધ થઈ ગયું હતું. છતાં ત્યાં જવાનું બન્યું. ત્યાં જઈને પૂ. શ્રીને સ્વામી યોગાનંદજીનું એક જાડું પુસ્તક ભેટ આપ્યું. પૂ. શ્રીએ તે ફરી પાછું આપી દીધું. કહ્યું કે, 'એ પુસ્તક વાંચ્યું છે ને આટલું જાડું પુસ્તક બીજાને કામ આવશે.' તો પણ સ્વામીજીએ કહ્યું, 'ના, તો પછી નાનું એક પુસ્તક તમને ગમે તે લો.' પૂ. શ્રીએ એક દસ–બાર પાનાની નાનકડી પુસ્તિકા સ્વામીજીના આગ્રહથી સ્વીકારી.

સાથે આવનાર ભાઈબેનોએ માળા, પુસ્તક વગેરે ખરીદ્યા.

પૂ. શ્રી પાસે માળા સ્પર્શ કરાવીને લઈએ એવી ભાવનાથી કંચનબેને માળા ખરીદી. પૂ. શ્રીએ ચંપલ કાઢીને તે માળા સ્પર્શ કરી આપી. તે ભાઈબેનો જ્યારે ખરીદીના પૈસા ચૂકવવા માંડ્યા ત્યારે સ્વામીજીએ કહ્યું, 'આપના પૈસા ન લેવાય.' સૌ ભાઈબેનોએ કહ્યું, 'આપ પૂ. શ્રી પાસે ન લો તે બરાબર છે. અમારી પાસે તો લેવું જ જોઈએ ને!' જેથી સૌએ પૈસા આપીને પુસ્તકો લીધાં.

આખુયે સ્થાન સ્વામી તુરીયાનંદે બતાવ્યું. જેમાં ગાંધીજીના અસ્થિ વિસર્જનની જગ્યા, પાંચ ધર્મના જુદા જુદા પ્રતીકો વચ્ચે સરોવર, જેમાં એક ઘર જેવી બોટ જેમાં પરમહંસ રહ્યા હતા. વળી ખીલેલી, અર્ધ ખીલેલી કળીના સોનેરી કમળોવાળો દરવાજો પણ બતાવ્યો. અંતે વિદાય લીધી.

ત્યાંથી પ્રવચન સ્થળ ઘણું દૂર હતું. માર્ગમાં શ્રી ધીરુભાઈ દેસાઈની મોટલ આવી. ત્યાં પૂ. શ્રીએ એક કલાક વિશ્રામ કર્યો. ત્યાંથી પ્રવચન સ્થળે જવાનું બન્યું. પ્રવચન બાદ ઉતારા પર આવી ગયા. હરિઃ ૐ

તા. ૧૬–૧૨–૧૯૮૧, બુધવાર), તા. ૧૭–૧૨–૧૯૮૧, ગુરુવાર), તા. ૧૮–૧૨–૧૯૮૧, શુક્રવાર), તા. ૧૯–૧૨–૧૯૮૧, શનિવાર), આ ચાર દિવસની નોંધ અસ્વસ્થતાને લીધે ન થઈ. ચાર દિવસ આરામ.

(ક્રમશઃ)



# દિવ્યેશ બન્યો ગંગેશ

**નારાયણ હ. જાની**

પૂ. મા આ વર્ષે ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં હરિદ્વાર–ભક્તો સાથે પધાર્યાં. ટ્રેઈન રસ્તે ૪૨ ભક્તો પહોંચે છે, તો બીજા કેટલાક પોતાની રીતે તીર્થમાં પૂ. માનું સાન્નિધ્ય પામવા વિમાન કે પોતાના વાહનદ્વારા પહોંચે છે.

તો વળી પૂ. માનો એક યુવાન સાહસિક ભક્ત શ્રી દિવ્યેશ લેખડિયા પોતાની બાઈક ઉપર જ સુરતથી અંબાજી થઈ હરિદ્વાર આવી જાય છે. તેને ગંગામાં તરવાની હોંસ છે. આર્યનિવાસમાં પૂ. માનો મુકામ છે, તો તેની આગળના પૂલના સામે કાંઠેથી ક્રોસમાં તરીને આર્યનિવાસ સુધી આવવાની ઈચ્છા છે. તે માટે તે પૂ. માની રજા માગે છે, કિન્તુ પૂ. મા રજા આપતાં નથી. છતાં તે આગ્રહ ચાલુ રાખે છે. છેવટે પૂ. મા રજા આપે છે.

પોતે તરવા પડે તેની વિડીઓ લેવા ભાઈબંધોને સૂચના આપી, સામે કાંઠાના પૂલ પાસેથી ગંગામૈયામાં ઝંપલાવતાં પહેલાં પૂ. ગુરુદેવ અને પૂ. માને અગિયાર પ્રણામ કરી, પૂ. મા પ્રભુને વંદન કરી ૐ યોગેશ્વર રક્ષમામ્‌ના જપ સાથે પ્રવાહમાં ઝંપલાવે છે.

પૂ. મા આર્યનિવાસની ગેલેરીમાં બેઠાં બેઠાં આ દૃશ્ય જુએ છે. ઉપરની અગાસીમાંથી આની વિડીઓ લેવાઈ રહી છે. ઘણો બધો પટ દિવ્યેશે ઝડપથી તરીને પાર કરી દીધો છે. તે 'ૐ મા'નો જપ પણ કરતો રહે છે. ગંગાનું પાણી ખૂબ ઠંડું છે.

તેની ઠંડકથી દિવ્યેશનાં અંગો ધીમે ધીમે શિથિલ બનતાં જાય છે, અને ખૂબ પ્રયત્ન છતાં હાથપગની ગતિ અટકી જતાં તેનું આખું શરીર જડ વસ્તુની જેમ પ્રવાહમાં તણાવા લાગે છે. હવે દિવ્યેશનું તરવાનું બંધ થઇ જતાં, તે બે ડૂબકી ખાઇ જાય છે. જે આર્યનિવાસની અટારીમાં બેઠેલાં પૂ. મા પણ આ નિહાળી રહ્યાં છે. તો વિડીયો ઉતારતા ભાઇઓને પણ ખ્યાલ આવી ગયો કે દિવ્યેશ ખરે જ ડૂબી રહ્યો છે.

ત્યાં ઉભેલા ભાઇઓમાંથી ડ્રાયવર શ્રી વિનયભાઇ તુરત જ ત્રણ માળથી નીચે ઉતરી ગંગાકાંઠે આવેલા અવરોધોને કૂદી કૂદી વિજળીવેગે છેક ગણેશઘાટ સુધી પહોંચી જાય છે, ને પ્રવાહમાં તીવ્રગતિથી ઝંપલાવી દે છે. સદ્ભાગ્યે તેના હાથમાં દિવ્યેશનો હાથ આવી જાય છે. એટલે એ એને પકડી લે છે. કિન્તુ દિવ્યેશનું શરીર સાવ નિઃચેષ્ટ હોવાથી તેને બે હાથે પકડીને કેવળ પગના સહારે કાંઠા સુધી તરીને પહોંચવું મુશ્કેલ લાગે છે. તે મદદ માટે ઈશારા કરે છે. કારણ કે થોડેક આગળ ગંગાનો આ પ્રવાહ સાંકડા દરવાજામાંથી પસાર થતો હોવાથી ખૂબ વેગીલો બની જતો હોય છે. તેથી વિનયભાઇને લાગે છે કે બીજા માણસની મદદ વગર તે કાંઠા સુધી નહિ પહોંચી શકે.

**અદ્ભુત બચાવ**

ગણેશઘાટના કાંઠા ઉપર ઊભા રહીને કેટલાક માણસો આ દૃશ્ય જોઇ રહ્યા છે. તેઓ વિનયભાઇની મદદ માટેની વાત સમજે છે, પણ આવા ઊંડા વેગીલા ઠંડા પ્રવાહમાં પડી કોણ મરવા તૈયાર થાય? સદ્ભાગ્યે એક પેડલ રીક્ષાવાળો કુતૂહલથી શું બની રહ્યું છે તે જોવા આવે છે. તેને તરતાં આવડે છે. તે શ્રી વિનભાઇની મુશ્કેલી પળવારમાં પારખી જઇ પહેરેલે કપડે



પ્રવાહમાં કૂદી પડે છે. આ ભાઇનું નામ અજય છે. પૂ. મા—પ્રભુની કૃપાથી મળી ગયેલી—અણધારી મદદથી શ્રી વિનયભાઇ દિવ્યેશભાઇને લઇને ગણેશઘાટના કાંઠે પહોંચવા સક્ષમ બને છે. દિવ્યેશભાઇનું લોહી ભારે ઠંડીથી સાવ થીજી જવા જેવું થઇ ગયું છે. તેથી તેમનું શરીર ભારે થઇ જવાથી ઉંચકવામાં ઘાટ પરના માણસોની મદદ લેવી પડે છે, તેને પેટ પર ઊંધો સુવાડી—કદાચ તે પાણી પી ગયો હોય તો—પાણી કાઢી નાંખવા પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ તેણે પોતાના દાંત શરીર ડૂબતું જણાતાં જ ભીડી દીધા હોઇ, ઉલ્ટીમાં ખાધેલા સિવાય કોઇ પાણી નીકળતું નથી. તેથી સહુને રાહત થાય છે.

આમ સારવાર કરતા માણસોને એ પણ જણાયું કે દિવ્યેશ ભલે બેભાન હાલતમાં હતો પરંતુ તેના હોઠ 'ૐ મા' મંત્રોનો ખૂબ ધીરો ઉચ્ચાર કરી રહ્યા હતા! કેવી અજબ જેવી વાત! તો શું પૂ. મા—પ્રભુના મંત્રજાપે જ એની આ મૃત્યુની ક્ષણે રક્ષા કરી! એવું માનવું રહ્યું.

આ દરમ્યાન ઘાટ પરના માણસો વીખરાતા જતા બોલવા લાગ્યા કે "બચ ગયા. બચ ગયા." તુરત જ આર્યનિવાસથી યોગેશ્વર પરિવારના સાધકો—ગણેશઘાટ દોડી આવે છે—તેઓ તેમની સાથે શરીરમાં ગરમી લાવવાના બામ—તેમ જ બીજી વસ્તુઓ પણ લઇ આવ્યા ને સહુ દિવ્યેશના શરીરને મસાજ કરવા લાગે છે. પરિણામે તેનામાં થોડીવારે ચેતના આવી જાય છે. તે જોઇ સહુ આશ્ચર્ય પામી ભાવવિભોર થઇ જાય છે. પછી થોડી જ મિનિટોમાં દિવ્યેશ સ્વસ્થતા પ્રાપ્ત કરી લે છે. તે મોબાઇલ પર પૂ. મા સાથે વાત કરી, ચિન્તા ન કરવા કહે છે. આમ છતાં તેને રામકૃષ્ણ મિશનની હોસ્પિટલમાં લઇ જઇ થોડી

સારવાર અપાય છે, ને દિવ્યેશ સંપૂર્ણ સ્વસ્થ બની આર્યનિવાસ આવી પૂ. માના ચરણોમાં ભાવવિભોર બની વંદી રહે છે.

હવે પૂ. મા દિવ્યેશને ડૂબતો જોઇ ઊભાં હતાં તો એકદમ નીચે બેસી જાય છે. પાસે ઊભેલા સાધકો જપ કરી રહ્યા છે— 'ૐ યોગેશ્વર રક્ષ મામ્, રક્ષ મામ્' પૂ. મા જાણે ઉત્કટભાવે આ કટોકટીની ઘડીમાં પૂ. ગુરુદેવ પ્રભુને મદદ કરવા પોકારી રહે છે. ઘડીભર તેમની બાહ્યચેતના લુપ્ત થયેલી લાગે છે. તેઓના ચરણો પાસે બેઠેલા શ્રી જગુભાઇ મિસ્ત્રી. ભાવવિભોર બની પૂ. મા સર્વેશ્વરીને પોકારી બોલી ઉઠે છે "હે અષ્ટભૂજાવાળી મા દુર્ગા, આપ દિવ્યેશને બચાવો."

### અદ્ભુત દર્શન

અને માન્યામાં ના આવે એવું એક અદ્ભુત દર્શન એમને થાય છે. સાચે પૂ. માના સ્વરૂપમાં અષ્ટભૂજાવાળી માતાનું તેજોમય સ્વરૂપ દેખાય છે. આ તેજ એટલું બધું પ્રખર હોય છે કે શ્રી જગુભાઇનું ભૌતિક શરીર જાણે તે સહી શકતું નથી. થોડી જ ક્ષણોમાં દિવ્યમાતાનું દર્શન તો લુપ્ત થઇ જાય છે—પરંતુ શ્રી જગુભાઇના મન—અંતર ઉપર એવી પ્રબળ અસર મૂકી જાય છે કે દિવસો સુધી આ ઘટના અંગે બોલી જ શકતા નથી. બોલવાનું શરૂ કરે કે આંખમાંથી આંસુ વહેવા માંડે છે. મહાભારતના યુદ્ધમાં ભગવાન શ્રીકૃષ્ણે ભક્ત અર્જુનને વિશ્વ-રૂપદર્શન કરાવતાં—તેની જે હાલત થયેલી—તેવી જ કંઇ હાલત શ્રી જગુભાઈની થઇ ગઇ લાગે છે, જો કે અર્જુનને તો ભગવાને દર્શન કરાવતાં પહેલાં 'દિવ્યં દદામિ તે ચક્ષુઃ' કહેલું, જ્યારે શ્રી જગુભાઈને તો તેઓના આ આકસ્મિક પોકારના કારણે પરમ-શક્તિએ પૂ. મા સર્વેશ્વરી સ્વરૂપે રહેલી પરમ દિવ્યશક્તિએ



પોતાના મૂળ સાચા સ્વરૂપનું દર્શન કરાવી દીધું.

આવું દર્શન ભૌતિક અંગો માટે જીરવવું ખૂબ મુશ્કેલ બને છે એની પ્રતીતિ શ્રી જગુભાઇની પૂ. માના આ દિવ્યદર્શન પછી થયેલી હાલત સૂચવે છે. આવા દર્શનના પરિણામે વાણી વિરામ પામી જાય છે—યતો વાચો નિવર્તન્તે। એના સ્મરણ-માત્રથી.

એ સાચું છે કે ખૂબ પુણ્યો ને પ્રખર શ્રદ્ધાયુક્ત પુરુષને જ દિવ્યશક્તિનું આવું દર્શન થાય. શ્રી જગુભાઇનું એ સદ્ભાગ્ય હતું કારણ કે પાસે ઊભેલા બીજા ભાઇઓને આ દર્શન નથી થયું.

### કેટલાંક આધ્યાત્મિક તારણો

ભાઇ દિવ્યેશની આ ઘટના પરમશક્તિની એક લીલારૂપ લાગે છે. તે કંઇક અંશે ભગવાન કૃષ્ણની કાલિનાગ નાથવાની લીલાને જાણે મળતી આવે છે. બાળગોપોને નિમિત્ત બનાવી યમુના જળમાં દડો નંખાવ્યો ને પછી પોતે એ દડા નિમિત્તે યમુનાજળમાં કૂદી પડ્યા. જમનાના પાણીને ઝેર રહિત કર્યું

અહીં પૂ. મા પોતાની અદ્ભુત લીલાશક્તિનું દર્શન કરા-વવા શ્રી દિવ્યેશને પસંદ કરે છે. ભગવાન કૃષ્ણ જમનાના જળમાં કૂદ્યા, તેમાં તેઓની પોતાની શક્તિનો ભરોસો હતો. અહીં દિવ્યેશને પૂ. માની દિવ્યતામાં અખૂટ શ્રદ્ધા છે. જાણે તે પૂ. માને સમર્પિત છે. તેથી કદાચ અનેક યુવાભક્તોમાંથી એનું વરણ પૂ. માએ કર્યું તેમ લાગે છે.

ગંગાના જળમાં તરવા પડતા પહેલાં ઘાટઉપર દિવ્યેશ શ્રી મા—પ્રભુને ૧૧ પ્રણામ કરે છે. તે પછી સતત શ્રી યોગેશ્વર રક્ષ મામ્—મા સર્વેશ્વરી પાહિ મામ્। ની ધૂન ગાતાં ગાતાં પ્રવાહમાં ઝંપલાવે છે. ડૂબતાં પહેલા તેને એક અનોખું દર્શન થાય છે. નાભિમાંથી કોઇ ઝબકતા પ્રકાશને તે શરીરના ઉપરના ભાગ-

માં ચઢતો અનુભવે છે, જે બે ભ્રમરની મધ્ય સુધી આવે છે ત્યાં સુધી તેને ભાન છે, તે પછી તેની બાહ્યચેતના લુપ્ત થઇ ગઇ તેમ તે કહે છે. આમ પોતાની ભીતર રહેલ આત્મિક ચેતનાનું જાણે દર્શન થાય છે.

બેહોશ કહેવાય તેવી સ્થિતિમાં પણ તેની આંતરિક ચેતના સજાગ જણાય છે, કારણ કે મરણાસન અવસ્થામાં પણ 'ૐ મા'ના જપ તેના હોઠો દ્વારા થઇ રહેલા તેને બચાવનારાઓ સાંભળે છે.

સંભવ છે કે દિવ્યેશના પ્રારબ્ધમાં આવી એક જળઘાત છે, જેમાંથી એની પૂ. માની શ્રદ્ધા અને મંત્રજપ તેનું રક્ષણ કરે છે.

પૂ. માની દિવ્ય સંકલ્પ શક્તિના પરિણામે જાણે ગંગાનો પ્રવાહ ધીમો પડી જવાથી જ તેનો દેહ ગણેશઘાટ સુધી શ્રી વિનયભાઇ પહોંચ્યા ત્યારે તેમના હાથમાં આવી જાય છે. ગંગાના આ પ્રવાહની અહીં ગતિ ઝડપથી દોડતા માણસ કરતાં પણ વધારે છે, તે સહુ જુએ છે.

શ્રી વિનયભાઇ કહે છે કે મેં જ્યારે દિવ્યેશભાઇને ડૂબતા જોયા ને તરત જ મારામાં જે ત્વરિત શક્તિનો સંચાર થયો તેને લીધે જ હું ચાર દાદર ઉતરી, અનેક અવરોધો પાર કરતો ગણેશઘાટ સુધી પહોંચી ગયો. અરે, પછી મેં પ્રયત્ન કરી જોયો. તો મારાથી એ ના થઇ શક્યું. જાણે કોઇ દિવ્યશક્તિએ મારામાં તે વખતે બળ પ્રેર્યું.

શ્રી વિનયભાઈના આ સાહસને પૂ. માએ પોતાના ગળામાં ધારણ કરેલ સોનાનો ચેન પહેરાવી તેમ જ ખાસ્સી રકમ આપી બીરદાવ્યું.

તો પેલા પેડલ રીક્ષાવાળા અજયભાઇનું તો ભાગ્ય જ ફરી ગયું! તે ભાડાની રીક્ષા ફેરવી પોતાના માતા–પિતા વગેરેનું



પોષણ કરતો. તો પૂ. માએ તેને નવી રીક્ષા જ લાવી આપી. તેના પરિવારના દરેક સભ્યો માટે ત્રણ ચાર જોડી નવાં કપડાં જ નહિ, પણ આખું વરસ ચાલે તેટલું સીધું ભરી આપ્યું તો તે ભરવા માટેના ટીનનાં પીપ પણ—ઘણો બધો પ્રસાદ વગેરે પણ આપ્યાં. એને એવું લાગ્યું જાણે સ્વયં પ્રભુ જ એના જીવનમાં આ ઘટનાને નિમિત્ત બનાવી પૂ. મા સ્વરૂપે પધાર્યાં. એક જીવ બચાવવા માટેના સાહસનું—સત્કર્મનું કેવું મોટું ફળ પ્રભુએ આપ્યું. અરે, એ આખો પરિવાર પૂ. માના મહિમાનું ગાન કરતો થઇ ગયો. એમના સહુના જીવનમાં પૂ. માનો કાયમી પ્રવેશ આ નિમિત્તે થઇ ગયો! આમાં પ્રભુની અદ્‌ભુત લીલાનું દર્શન શું નથી થતું? પણ તે માટે શ્રદ્ધા ને ભક્તિ જોઇએ. તે બધામાં થોડી જ હોય?

શ્રી જગુભાઇને થયેલ દિવ્યદર્શનની હકીકત આપણે આગળ જોઇ, તો પૂ. માની કલમ પણ પૂ. ગુરુદેવ પ્રભુનો અહોભાવ પામી—લગભગ એક સપ્તાહ સુધી વિરમી ગઇ. રોજનીશી પણ ના લખી શકાઇ. પરંતુ તે પછી દિવ્ય સ્ફુરણામાંથી જે ગીત શબ્દદેહ પામ્યું તે અહીં પૂ. માની અનુમતિથી રજૂ કરું છું. એ ગીતના શબ્દો ને ભાવ અદ્‌ભુત છે. વાંચકો તેને કંઠસ્થ કરી ગૂંજ્યા કરશે એવું અમને લાગે છે. આ ગીતની પ્રારંભની કડીઓ પૂ. માને સ્ફુરી, સાધક બેનો તેને ગાવા લાગી. તો નવી કડીઓ ઉમેરાતી ગઇ એમ કરતાં બે ત્રણ દિવસમાં ગીત પૂરું થયું.

ગુરુદેવ પ્રભુશ્રી યોગેશ્વરજીએ પૂ. માના દિવ્યેશને બચાવવાના આર્તનાદના પ્રત્યુત્તરરૂપે તેનો જે અદ્‌ભુત બચાવ કર્યો તેનાથી પૂ. મા પણ ખૂબ ભાવવિભોર બની ગયાં. તેઓએ તુરત જ સંકલ્પ કર્યો કે 'પ્રકાશના પંથે'ના આખા પુસ્તક—

પારાયણનો અર્ઘ્ય ધર્યા પછી જ હરિદ્વાર છોડીશ. રોજના કલાકો સુધી એકધારા વાંચન પછી તે પૂર્ણ કરીને પૂ. મા જંપ્યાં. તે માટે તેઓને હરિદ્વારમાં નિર્ધારિત સમય કરતાં વધુ રોકાવું પડ્યું પણ તેથી શું? એવી પૂ. માની સંકલ્પ પૂર્ણ કરવા માટેની નિષ્ઠા.

પૂ. મા ગંગાજીને જીવંત સ્વરૂપે નિહાળે છે ને પૂજે પણ છે. ગંગામાતાએ દિવ્યેશને જીવનદાન બક્ષ્યું તેથી પૂ. માએ તેમના ખોળે સાધકો સાથે ૧૦૮ પ્રણામનો અર્ઘ્ય પણ ધર્યો.

આ ઘટના પછી દિવ્યેશ જાણે નવો જન્મ પામ્યો. અરે, એનો સ્વભાવ જ જાણે બદલાઈ ગયો. દિવ્યેશ ગંગેશ બની ગયો! પૂ. માની એ સમર્થતાને અમારા કોટિ કોટિ વંદન.

સાધક શ્રદ્ધાને કેવળ હૃદયમાં અનુભવી બેસી ન રહે, પણ વ્યવહારમાંય તેનું આચરણ કરી બતાવે તે જરૂરી છે.

યાત્રામાં જોડાયેલ સાધકોએ બચાવનારાઓને પુરસ્કૃત કરવા પૂ. માની સૂચનાના પ્રત્યુત્તરમાં ખુલ્લા દિલે પૈસા આપ્યા. સાહસિકોનું કેવું સરસ સન્માન!

● ભાઈ દિવ્યેશનો પ્રસંગ અનેકોને માટે આંખ ઉઘાડનારો બની ગયો. પૂ. માના દેખાતા દૂબળા પાતળા શરીરમાં કેવી અદ્‌ભુત દિવ્યતા રહેલી છે. તેની પ્રતીતિ કરાવી ગયો. આ પૂ. માની લીલા નહિ તો બીજું શું?

● કેટલાકો તો કહેવા લાગ્યા કે આ લીલા માટે જ પૂ. માની આ હરિદ્વાર યાત્રા પૂ. શ્રીએ પ્રેરણા કરી યોજાવી. જે હોય તે, પણ ખરે જ એ એક રોમાંચક ઘટના—પૂ. માના આધ્યાત્મિક ઇતિહાસમાં બની રહેશે, તેમાં બેમત નહિ.



# શ્રી હરિનો (Bio data) બાયો—ડેટા

મા સર્વેશ્વરી

તારા કરવા સઘળાં કામ, હું તો ઊભો તારે દ્વાર.
વારે વારે કહું છું આજ, હું છું સર્વેશ્વરીનો નાથ.
સંતાઈને સંકટ હરતો, મંત્ર સુણીને મારગ ધરતો,
રાહ ન જોતો વાટ ન જોતો, પાછળ પાછળ પગલાં ભરતો. વારે વારે.
ગંગાજીની સંગે વહેતો, બાળની સાથે ક્રીડા કરતો,
યમદૂતોની સલામી ઝીલતો, બાળને અંકે ઊંચકી લેતો. વારે વારે.
દેખાતો ના છતાં દોડતો, સર્વેશ્વરીનો સેવક બનતો,
રમતા રમતા પાર હું કરતો, કાળ ઉપર શાસન હું કરતો. વારે વારે.
મીરાંનો શ્રી કૃષ્ણ હું બનતો, શબરીનો વળી રામ હું બનતો,
દ્રૌપદી કાજે વસ્ત્ર હું બનતો, સર્વેશ્વરીનું શાસ્ત્ર હું બનતો. વારે વારે.
વિધ વિધ રૂપે સાથે ફરતો, હસતો રમતો ને વળી ભળતો,
ઊંચે ઊભો રહી હું જોતો, બાળનો વાંકો વાળ ન કરતો. વારે વારે.
રક્ષકમાં હું ગજબલ ભરતો, અહંકાર હું સૌના હરતો,
કંટક કંકર દૂર હું કરતો, ઘાટના પથ્થર પાર હું કરતો. વારે વારે.
મંથન કરતાં નવનીત ધરતો, વિષને અમૃત તત્ક્ષણ કરતો,
ઊંડા જલે હું ઝુકાવી દેતો, ભક્ત કાજ હું પ્રાણ પાથરતો. વારે વારે.
વિપત્તિમાં હું વ્હાલ ધરતો, સર્વ ભૂલોને ક્ષમા હું કરતો,
અદૃશ્ય રહીને પડખે રહેતો, ગંગાજીને ગૌરવ ધરતો. વારે વારે.

# ૧૫–જાન્યુઆરી, સાધનાદિન

તંત્રી

સત્કર્મોની સતત પ્રવૃત્તિઓથી ધમધમતું સ્વર્ગારોહણ જો સાવ શાંત ને નિસ્તબ્ધ લાગે તો જાણવું કે અહીં પૂ. માના આદેશ પ્રમાણે સાધના થઇ રહી છે.

તા. ૧૫ મી જાન્યુઆરિ ને પોષ વદ અગિયારસ આવો જ સાધનાદિન બની રહ્યો.

સાધકો તો અહીં લગભગ સો જેટલા હતા, પરંતુ પૂ. માની સૂચના પ્રમાણે સૌ આગલી રાતથી પોતપોતાના નિયમોના સંકલ્પો પૂર્ણ કરવામાં લાગી ગયા. મૌન રાખીને જ આ સાધના કરવાની એટલે સમગ્ર વાતાવરણ મૌનથી સ્તબ્ધ જેવું લાગે. અહીં સાધકો છે પણ કલરવ કે ઘોંઘાટ નથી. મૌન રાખી કોઇ જપ કરતા આંટા મારી રહ્યા છે, તો કોઇ કુટિયાની પ્રદક્ષિણા કરવામાં વ્યસ્ત છે. કોઇ ધ્યાનમાં ડૂબેલા છે તો કોઇ વાંચનમાં મગ્ન છે. તો વળી કોઇએ કોઇ ખૂણો શોધી આસન જમાવ્યું છે, તો વળી કેટલાક આંખો બંધ કરી ગૌમુખીમાં હાથ રાખી જપી રહ્યા છે. કેટલાક મા–પ્રભુની બાવનીઓ, લીલા-મૃતના અધ્યાયોનું પારાયણ, તો વળી શિવમહિમ્નના ને વિષ્ણુસહસ્રના સ્તોત્ર પાઠ કરી રહ્યા છે. આમ સમગ્ર વાતા-વરણ પ્રભુના નામસ્મરણથી પરિપ્લાવિત છે.

અરે, આ શાંત વાતાવરણ આધ્યાત્મિક સ્પંદનોથી એવું તો ભર્યું ભર્યું છે કે બહારથી સ્વર્ગારોહણના પટાંગણમાં પ્રવેશ-નારને જાણે સ્થૂલ રીતે આ શાન્તિ સ્પર્શી શકાય એવી લાગે છે.



સાંજે અચાનક આવી ચઢેલ ત્રણ આગંતુકોએ અમને આ જ વાત કરી.

સ્વર્ગારોહણના સમગ્ર વાતાવરણને શાંતિના પરમાણુઓથી સભર કરવામાં સૌથી મોટું પ્રદાન તો પૂ. માની સતત સાધનાનું છે. આપણે સહુ તો એની સહાયથી આપણી વ્યક્તિગત સાધનામાં ડૂબકી મારી તેમાં થોડો સહયોગ ધરી રહ્યા છીએ. એટલું જ.

જેમ રહેવા માટે ઘર છે, તેવી જ રીતે જીવને કર્મફળ ભોગવવા માટે શરીર એક ધર્મશાળારૂપ જ છે, કલિયુગમાં બીજાં સાધનોની ચિંતા તથા ભ્રમણામાં પડ્યા સિવાય–ભગવાનના નામનું સ્મરણ કરતા રહેવું એ શ્રેષ્ઠ છે. – યોગેશ્વરજી

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# રાધાબેનને સન્માન્યાં

તંત્રી, અધ્યાત્મ

અંબાજી આસપાસના અંદરના ભાગના આદિવાસી વિસ્તારો-માંથી જરૂરિયાતમંદ પરિવારોને શોધી કાઢવા અઘરૂં કામ છે. તેમાં પ્રભુની કૃપાથી શ્રી રાધાબેનની સહાય—સ્વર્ગારોહણને પ્રાપ્ત થઇ તેથી તેમનું કામ ઘણું હળવું થયું છે.

શ્રી રાધાબેન પહેલાં અહીંની હોસ્પિટલમાં સેવા આપતાં. તે રીતે તેઓ મેડિકલ કેમ્પોના આયોજનમાં મદદરૂપ થતાં. પછી તો અનાજ અને વસ્ત્રવિતરણ જેવા કાર્યોમાં પણ ટ્રસ્ટને ખૂબ મદદરૂપ થતાં રહ્યાં.

આદિવાસી લોકોના પ્રશ્નો સમજવામાં તેમની ભાષાની જાણકારી ખૂબ મહત્ત્વની. શ્રી રાધાબેનની મદદથી સર્વમંગલ ટ્રસ્ટનો સેતુ આદિવાસીઓ સાથે બંધાઇ ગયો. વળી રાધાબેન ખૂબ નિઃસ્પૃહી ને સેવાપરાયણ વૃત્તિવાળાં હોવાથી, સ્વર્ગા-રોહણના સેવકોને ખૂબ ઉપયોગી થયાં છે. સેવકગણવતી શ્રી હેમલભાઇએ રાધાબેનની આ સેવાઓનો પરિચય આપ્યો. તો પૂ. માએ તેમને શાલ ઓઢાડી—અન્ય ભેટો ધરી પુરસ્કૃત કર્યાં.

શ્રી રાધાબેન ખરે જ મૂક સેવક છે. એવી જ બીજી સેવા આદિવાસી ભાઇ શ્રી તુલસીભાઇની પણ ટ્રસ્ટને પ્રાપ્ત થઇ છે. આવો સહયોગ પ્રાપ્ત થવો તેય પૂ. મા—પ્રભુની કૃપાનું પરિણામ છે.



# સમંદરને પેલે પાર

મા સર્વેશ્વરી

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા—મેલબોર્નથી સીડની, દિવસ—૧૦, તા. ૧૬—૫—૦૫**

રાતે ૮ વાગે એટલે રાત પડી ગણાય. પણ ‘મા’ની આજની રાત મળસ્કે ૪ વાગે પડે છે.

સવારે ૮ વાગ્યે તો પ્રસ્થાન માટે ‘મા’ બધું જ તૈયાર કરીને બેઠાં છે. સ્નાન, પ્રણામ, શીર્ષાસન થઇ ગયાં છે.

૧૦ વાગે બસ પ્રસ્થાન કરે છે. મેલબોર્નના એરપોર્ટ ઉપર જવાનું છે. આજે સીડનીનું પ્લેન છે. બસ શરૂ થતાં જ પ્રાર્થના શરૂ થઇ જાય છે. એરપોર્ટ આવતાં તે પૂર્ણ બને છે. માળા બાકી છે.

આજે એરપોર્ટ ઉપર ગ્રુપચેકિંગ હતું. એટલે કામ બહુ ઝડપથી થઇ ગયું. ત્યાં વળી શ્રી સુશીલાબેને એક નવો રાગ મંત્રગાનનો બતાવ્યો. એટલે એરપોર્ટ ઉપર જ ગ્રુપમાં ઊભા ઊભા સૌ શંકરા રાગમાં એટલે કે (વંદન નંદયશોદાનંદન માતદેવકીના પ્રિયનંદન) સૌની ગમે તેવા રાગમાં ૧ માળા કરે છે. સમૂહમાં.

મેલબોર્નના એરપોર્ટ ઉપર ભારતના ઘણા સંતો ઉતર્યા છે. પણ સમૂહમાં ૧ માળા તો કદાચ કોઇએ એરપોર્ટ ઉપર ના કરાવી હોય. યાત્રાની આજની એ વિશેષતા હતી.

સુરક્ષા વિભાગમાંથી સૌ પસાર થયા છે. ૧ નંબરના ગેઇટ ઉપરથી કોન્ટાસ એરલાઇનના, પ્લેનમાં સૌ બેઠા છે. પ્લેન જેવું

ટેક ઓફ કરે એટલે ૧૭ યાત્રીઓ હાથ જોડીને ધીરેથી કે મનમાં ૫ મંત્ર નિયમ પ્રમાણે બોલે છે.

પ્લેનમાં વારંવાર ખાવાનું તો સૌને મળતું રહે છે. આ યાત્રામાં પણ ફૂટડીશ ઉપર 'મા'નું નામ પ્રિન્ટ કરીને મળે છે. 'મા' તો પ્લેનમાં કદી પાણી પણ લેતાં નથી એટલે ફૂટડીશ ભક્તો પ્રેમથી પ્રસાદ માની લઇ લે છે.

૧ કલાકમાં તો સીડનીની ધરતી ઉપર યાત્રીઓ પગલાં પાડે છે. દાદર ઉતરીને નીચે જતાં જ સ્નેહની સાકાર પ્રતિમા સમી સ્મિતા ('મા'ના મોટાભાઇ શ્રી વિઠ્ઠલભાઇની દીકરી) ઊભી હોય છે.

'મા'ને પ્રણામ સાથે પ્રસન્નતાથી આવકારે છે. એરપોર્ટના નિયમ પ્રમાણે મોટીબસ દૂર ઊભી રહે છે. એક કલાક એરપોર્ટ ઉપર વીતે છે.

બીજો એક કલાક વિશ્રામ સ્થળે આવતા વીતે છે. આજે સીડનીમાં વરસાદ છે. વરસાદમાં જ વિશ્રામસ્થાન જે ત્રણ બેડરૂમનું એપાર્ટમેન્ટ છે. ત્યાં આવી ગયાં.

અહીં સામાન ગોઠવીને તરત જ શ્રી લક્ષ્મીબેનને મળવા જવાનું હતું. સૌ બે ગાડીમાં વિદાય થાય છે.

'મા' સ્મિતાની ગાડીમાં બેઠાં છે. સ્મિતા કહે છે : "'મા' આ મારો રથ છે. અર્જુન બનવાની શક્તિ આપજો."

અરવિંદે (સ્મિતાના પતિ) કહ્યું, મોટી ગાડી લઇ જાત પણ મેં ના પાડી. મારે મારી જ ગાડીમાં 'મા'ને લઇ જવા હતાં. મારી ગાડીને આશીર્વાદ મળે ને!

'મા' જેટલા અપાય એટલા આ રથને આશીર્વાદ આપી દો. મને પણ આપી દો ને ખાસ તો મારા બંને બાળકોને પણ



તમે આશીર્વાદ આપી દો.

અને 'મા' ગાડીમાં બેઠાં. માત્ર ૫ મિનિટમાં જ ઘર આવી ગયું.

સ્મિતા કહે 'મા' આ મારી ઝૂંપડી પાવન કરો.

'મા' તમે ગાડીમાં બેસી રહો. હું જરા કામ માટે અંદર જાઉં છું.

પણ 'મા' તો ઉતરીને દાદર ચઢી સ્મિતાના ઘરને ઓટલે દ્વાર પાસે આવી ગયાં. દ્વારમાં જ સ્મિતાએ આરતી ઉતારી. પુષ્પહાર અર્પણ કરી તિલક કર્યું.

એ સન્માન સાથે શ્રી લક્ષ્મીબેન પોતે રચેલી બે રચનાઓ ભાવથી ગવડાવે છે. સૌ તે ઝીલે છે.

'મા' બેઠક લે છે. પ્રભુના સ્વરૂપને પધરાવી પૂ. લક્ષ્મી-બેનને 'મા' પ્રણામ કરે છે.

ત્યાં શ્રી નીરૂબેન 'આજ મારે આંગણે...' પદ ગવડાવે છે.

પાછાં શ્રી લક્ષ્મીબેન પોતાની બે રચના ભાવથી ગવડાવે છે.

૧) આજ અમારે આંગણે પધાર્યાં સર્વેશ્વરી મા.

૨) અંધારા આથમ્યા કિરણોની હાર.

૩) બોલો જય જય મા સર્વેશ્વરી.

૪) જય જય બોલો, જય જય બોલો.
જય જય બોલો 'મા' સર્વેશ્વરરીની.

'મા'ના કર્પૂરવનના કાલીમંદિરનાં આ સ્વજનો છે. ૧૯૯૧ માં સ્મિતાબેન ('મા'ના મોટાભાઇ શ્રી વિઠ્ઠલભાઇની દીકરી) 'મા'ને અમેરિકામાં મળેલાં. ત્યાર પછી આજે મળે છે. ૧૪ વરસ વીતી ગયાં! એ રીતે શ્રી વિઠ્ઠલભાઇનાં ધર્મપત્ની શ્રી

લક્ષ્મીબેન ૧૯૯૬ માં મળેલાં તે છેક આજે નવ દશ વરસ પછી મળે છે.

હે હરિ! તારી યોજના પ્રમાણે તારે જેને જ્યાં મેળવવા હોય ત્યારે મેળવે છે ને તારી ઇચ્છા થતાં જ તું છેક પાસે હોવા છતાં વિખૂટાં પાડી શકે છે.

કર્પૂરવનના એ સ્વજન વડીલને પ્રણામ કરીને ઋણમુક્ત થવાની જ તો આ યાત્રા હતી. યાત્રાનો એક માત્ર હેતુ તો એ જ હતો. આજે એ હેતુ પૂર્ણ થયો છે.

આજનું સન્માન કલ્પનાતીત હતું. સ્વજનોની સમજ ને સ્નેહ ધરીને હે હરિ, તું જ ત્યાં વિચરી રહ્યો છે. વરસોથી માત્ર ફોન ઉપર મળવાનું બનતું હતું. છતાં આ ભાવભક્તિ ને સન્માન સૌના મન અંતરને સ્પર્શી ગયું છે.

શ્રી સુશીલાબેન બે ત્રણ વાક્યોમાં પોતાનો ભાવ વ્યક્ત કરે છે.

શ્રી લક્ષ્મીબેન પણ પોતાના ભાવ બે ત્રણ વાક્યોમાં વ્યક્ત કરે છે.

સ્મિતાબેન સૌ યાત્રીઓને ફૂલ ને નાનકડી ભેટ આપે છે.

સૌને આનંદ છે. આ મંગલ મિલનનો મહોત્સવ સૌ ભાવવિભોર બનીને માણી રહ્યા છે.

પછી સૌ ઘરના બાદશાહી ભોજનથી પરિતૃપ્તિનો ઓડકાર પામે છે.

આજે યાત્રીઓ તો મહાપ્રસાદ લે છે. પણ બીજા ૨૫, ૩૦ ભાઈબેનો પણ સમૂહભોજનનો આનંદ માણે છે. 'મા'ના પરિવારની આ વિશેષતા વિદેશમાં પણ સૌ માણી રહ્યા છે.



આજે નિજગૃહે પ્રભુના પ્રેમીભક્ત સ્વજનોનું આગમન છે તો એ મંગલ પ્રસંગે સૌ મહાપ્રસાદ પામે એવા એક ભાવનું અહીં દર્શન છે.

સ્મિતાબેન ને શ્રી લક્ષ્મીબેન સૌને પ્રસન્નતાથી મળે છે. ૧૬ યાત્રીઓનું જ્યાં વિશ્રામસ્થાન છે ત્યાં પણ યાત્રીઓના નાસ્તાઓના ૭, ૮ ડબ્બા વિવિધ વાનગીઓના ભરીને શ્રી લક્ષ્મીબેને મૂકાવ્યા છે. જાણે યાત્રીઓ જાનૈયા છે. સ્વાગતમાં કોઈ કચાશ નથી. પોતાના ઘરનું જ વાતાવરણ અહીં પણ સૌ અનુભવી શકે એવી ભાવના છે.

'મા' માટે ને સ્વજનો માટે ને યાત્રીઓ માટે બનતું બધું જ કરી છૂટવાની એક મંગલકામના અહીં દરેક વ્યવહાર ને વાણીમાં વ્યક્ત થઈ રહી છે.

હે હરિ! તેં કેવો ઉત્તમ પરિવાર ધર્યો છે! 'મા'નો જ્યાં સૌએ સ્નેહથી સ્વીકાર કર્યો છે, 'મા'ને વધાવ્યાં છે, અંતરથી આવકાર્યાં છે. સર્વ અનુકૂળતા ધરીને હે હરિ, તું જ સર્વત્ર પ્રેમસ્વરૂપે વિસ્તરી રહ્યો છે. જાણે 'મા'ને તું જ આ રીતે પ્રિય સ્વજન બનીને વીંટળાઈ વળ્યો છે. પ્રભુ આપના સાનુકૂલ નામને સૌના પ્રણામ, પ્રણામ, પ્રણામ.

શ્રી લક્ષ્મીબેન એક આદર્શ પુત્રવધૂ તરીકે કર્પૂરવનમાં ૧૯૪૫ થી પ્રવેશ્યાં. તે જ ક્ષણથી આદર્શ કૂળદીવડી બનીને કાલીમંદિરના સર્વ સ્વજનોને સ્નેહથી સજાવતાં રહ્યાં. લગ્નજીવનના દરેક ક્ષેત્રના વિવિધ અભિનયો સર્વશ્રેષ્ઠ રીતે ભજવતાં રહ્યાં. વિવેકભરી સુસંસ્કારી વાણી, શિષ્ટાચારભર્યો વ્યવહાર, સહનશક્તિ, ધીરજ, સમજશક્તિ, ઉદારતા, જ્યાં જ્યાં જે સદ્‌ગુણની જરૂર પડી, ત્યાં ત્યાં તે તે સદ્‌ગુણના સાધનથી

એમણે સંસારબાગને સુગંધિત કર્યો. વિવિધ પ્રતિભા વિવિધ ક્ષેત્રે એમની એ વિશેષતા એમના માતાપિતાનો પ્રસાદ છે.

કર્પૂરવનની કાલીમંદિરની એ ગૌરવવંતી સંસ્કાર જ્યોત છે. એ ઝામ્બિયા વસે કે ઓસ્ટ્રેલિયા વસે કે અમેરિકા વસે એ દરેક સ્થળે ઝળહળતી જ રહે.

અને એથી જ એમણે વ્યક્ત કરેલો ગઇકાલનો ભક્તિભાવ ભર્યો અર્ઘ્ય સૌના મનઅંતરને સ્પર્શી ગયો.

એ જ માતાની દીકરી સ્મિતા. નામ પ્રમાણે જ જેના ગુણ. વાણીની મીઠાશ શત્રુને પણ મિત્ર બનાવી શકે તેવી. માતા-પિતાના સર્વ શુભસંસ્કારોનો સમન્વય સ્મિતામાં જોવા મળે. એટલે જ પોતે અને પોતાના નાનકડા બે સંતાન સાથેના પરિવારને શુદ્ધ શાકાહારી રાખી શકી છે.

વિદેશમાં વિલાસી ને વિચિત્ર ને વિવિધરંગી વાતાવરણમાં આપણું સંસ્કારધન સાચવવું, ટકાવવું ખૂબ કઠિન છે. છતાં એ ભગીરથકાર્ય સ્મિતા અને એના પતિ શ્રી અરવિંદે પાર પાડ્યું છે. વિદેશમાં જન્મીને વિદેશમાં ઉછરેલા એ દંપત્તિએ ભારતીય સંસ્કારોનું જતન કરવાનો સર્વોત્તમ પ્રયત્ન કર્યો છે.

'મા'ને ગૌરવ છે. કર્પૂરવનની કાલીમંદિરની એ પૌત્રી— સ્મિતા છે.

એ સ્મિતા અને એનાં માતા શ્રી લક્ષ્મીબેન અતિથિઓને આ જ રીતે આવકારે, ભોજન કરાવે એ સ્વાભાવિક છે. જે ઉત્તમ પરંપરા છે તેનાં જ આ બંને પાત્રો આદર્શ પ્રતિક સમાં છે.

અતિથિઓએ આજના મંગલ મિલન પર્વનો મહાપ્રસાદ સૌએ પ્રેમથી આરોગ્યો. ભાવભક્તિ ને પ્રેમથી પીરસાયેલા



ભોજનમાં અમૃતતત્ત્વની મીઠાશ હોય એ પણ એટલું જ સ્વાભાવિક છે.

વિદેશમાં પણ ભારતીય સંસ્કૃતિનો મહાન પવિત્ર વારસો જતનથી અહીં જળવાયો છે. ઋષિમુનિઓ કે ત્યાગીઓ કે સંતો કે સિદ્ધો જ એ સાંસ્કૃતિક સંપતનું સંવર્ધન કે સંરક્ષણ કરી શકે એવું નથી. આદર્શ ગૃહસ્થાશ્રમ પણ એ સંસ્કારોનું દર્પણ બની શકે છે.

સ્મિતાના ઘરમાં નિયમિત પ્રાર્થના થાય જ છે. સૌ કોઇને સહાય થવાના પ્રયત્નો પણ થાય જ છે. અતિથિ, મિત્રો, સ્વજનોનો સર્વોત્તમ સત્કાર પણ થાય જ છે. અન્નદાન પણ થતું જ રહે છે. સ્વદેશની સર્વશ્રેષ્ઠ પરંપરાનું પાલન પણ થાય જ છે. શાસ્ત્રોને અહીં આ ઘરમાં, વાણીમાં, વર્તનમાં, જીવનમાં સર્વત્ર પ્રગટ થવાની અનેક તક મળે છે.

વિદેશની ધરતી ઉપરની આ વિશેષતા છે. વિશેષતાનું દર્શન આ કલમ કરી રહી છે. જે સત્ય છે તે પ્રકાશિત કરવાની નૈતિક ફરજ આ કલમ બજાવી રહી છે.

એ ધરતીની આજની એ વિશેષતાને વાગોળતા વાગોળતા પાછા વિશ્રામસ્થાને આવી ગયાં.

અહીં થોડું સૌ યાત્રીઓ સાથે બેઠાં. 'વંદન કરું પ્રભુ ચરણોમાં આજે'—એ પ્રાર્થના બાદ થોડી નોંધ કરી વિશ્રામ થયો.

હે હરિ, આપ સર્વ સ્વજનોમાં સર્વ પ્રકારે, સર્વ દિશામાં ઊભા છો. સ્વજનોમાં પથરાયેલા પ્રેમસ્વરૂપ પરમાત્મા આપને પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો. (ક્રમશઃ)

# સ્વર્ગારોહણ—સત્કર્મોનું ધામ

નારાયણ હ. જાની

અંબાજીનું સ્વર્ગારોહણ જાણે સત્કર્મો માટેનું પર્યાય બની ગયું છે. અહીં સત્કર્મો સતત થતાં રહે છે, કારણ કે પૂ. માના ભક્તો જેઓ વિદેશમાં વસે છે અને સંપત્તિવાન છે. તેમને પૂ. મા સત્કર્મોની પ્રેરણા આપતાં જ રહે છે. સત્કર્મ કરવું હોય તો જાતે કે પરિવારના સભ્યોએ પ્રત્યક્ષ હાજરી આપી—પોતા દ્વારા થઇ રહેલ સત્કર્મ નિહાળવું જોઇએ; પૂ. માની આ શરત છે.

તા. ૧૩ અને ૧૪ જાન્યુઆરિ, ૨૦૦૭ ના રોજ જે સરસ સત્કર્મો થયાં, તેનો આર્થિક સહયોગી પરિવાર છે શ્રી પ્રભાબેન ગોવિંદજી પટેલ અને એમના ભાઇ ડૉ. અરૂણભાઇ પટેલ. જેઓ અમેરિકામાં કેન્સર સ્પેશિયાલીસ્ટ છે. તેઓ આ બે દિનના સત્કર્મમાં ભાગ લેવા તેમનાં પત્ની શ્રી રેખાબેન અને પુત્ર શ્રી અભિમન્યુ સાથે આવ્યા છે. પૂ. યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરી સાથેનો શ્રી પ્રભાબેનનો નાતો ચાર દાયકા જેટલો જૂનો છે. તે રીતે તેમના મોટાભાઇ પણ આડકતરી રીતે પૂ. મા—પ્રભુની સત્કર્મની પ્રવૃત્તિઓમાં રસ લેતા રહે છે.

### વિદ્યાર્થીઓને સહાય

તા. ૧૩ ના રોજ સ્વર્ગારોહણને દ્વારે આદિવાસી વિસ્તાર-ની શાળાઓનાં બાળકોનો મોટો સમુદાય એકત્રિત થયો છે આજે અહીં ૪૮૫ જેટલાં બાળક—બાલિકાઓને ગરમ સ્વેટર, ટોપી કે સ્કાર્ફ, દફતર, ચોપડીઓ, પેન્સીલ, રબર, સંચા સહિતની કીટ તેમ જ પ્રસાદ મળવાનો છે. પૂ. માને મન આ બાળદેવતાઓ છે. એટલે તેમની પ્રત્યે અહીં ખૂબ પ્રેમ અને



સલુકાઇભર્યો વ્યવહાર કરવામાં આવે છે. અંબાજીનો પ્રદેશ ઊંચાઇવાળો જંગલ વિસ્તાર છે. અહીં ઠંડી પણ ખૂબ પડે છે. આવનાર બાળકોના શરીર પર માંડ કહેવા પૂરતું સુતરાઉ ખમીસ છે, જે ક્યાંક તો ફાટેલું છે અથવા તૂટેલાં બટનોવાળું છે.

પોતાના પરિવારની આજિવિકા પરિશ્રમપૂર્વક માંડ પૂરી કરતા આ લોકો બાળકોને ગરમ વસ્ત્રો તો ક્યાંથી લાવી આપી શકે! એટલે અહીં નવાં લાલ સ્વેટર ને ટોપી જોઇ, તેઓ હરખાઇ જાય એ સ્વાભાવિક છે. એમની આંખો ને ચહેરા ઉપર ખુશી વરતાઇ આવે છે.

જ્યારે બધી જ બાલિકાઓને સાધકો સ્વેટર પહેરાવી હાથ-માં સુંદર દફતર સાથે લાઇનમાં બેસાડે છે, ત્યારે તેઓ સરસ શોભી ઊઠે છે. વળી જ્યારે તેમને પૂ. મા અને દાતાઓ સાથે-ના સમૂહ ફોટા માટે ગોઠવવામાં આવે છે, ત્યારે તેઓ ખૂબ કુતૂહલપૂર્વક વિસ્ફારિત નયનોથી જોયાં કરે છે.

આ બાળકોને બધી વસ્તુઓના વિતરણ પછી જે વિદાય આપવામાં આવે છે, તે પણ ભાવપૂર્ણ હોય છે. સ્વર્ગારોહણનાં સર્વ સાધક ભાઇબહેનો પૂ. ગુરુદેવ અને પૂ. માની ધૂન ગાતાં ગાતાં સ્વર્ગારોહણના દ્વાર સુધી વળાવવા આવે છે. પોતાનું કોઇ આત્મીયજન જાણે આશ્રમમાંથી વિદાય લઇ રહ્યું હોય એવું દૃશ્ય ખડુ થાય છે. સર્વને આત્મભાવે જોનારાં શ્રી માને આ બધા જ જીવો આત્મીય જ છે—ભલેને, આ જીવો આજે પૂ. માનું માહાત્મ્ય સમજતા ના હોય, પરંતુ જીવનમાં કોક ને કોક કાળે પૂ. માએ પ્રેમનું વાવેલું આ બીજ જરૂરથી પાંગરશે. કારણ પૂ. માએ ધરેલી આ ભેટથી તેમના હૃદયમાં પૂ. માએ પ્રવેશ કરી દીધો છે જ.

સાથે આવેલા શિક્ષક ભાઇબહેનોને પણ પૂ. યોગ્ય પુરસ્કારો-

થી સત્કારે છે. પૂ. માની હરેક ક્રિયામાં દેનાર કરતાં લેનારનું ગૌરવ સચવાય તેની ખાસ કાળજી રાખવામાં આવે છે. એટલે જ પૂ. માની દાન આપવાની રીત ન્યારી લેખાય છે.

**ઉત્તરાયણ પર્વ નિમિત્તે વસ્ત્રવિતરણ સેવાયજ્ઞ**

આજે તા. ૧૪–૧–૨૦૦૭ ના રોજ વસ્ત્રવિતરણનો સેવા-યજ્ઞ આરંભાયો છે. ઉત્તરાયણનું પર્વ છે. આ દિવસે દાનનું મહત્ત્વ શાસ્ત્રોએ ગાયું છે. વળી પૂ. મા જેવા સંતના સાન્નિધ્ય અને માર્ગદર્શન નીચે આજે અહીં ૨૪૭ જેટલી ગ્રામ્ય વિસ્તાર-ની વિધવા, અનાથ બહેનો જે કારમી ગરીબાઈમાં જીવન વિતાવી રહી છે, તેમને આપવાની વસ્તુઓ અને વસ્ત્રોની ગોઠવણી યોગશૈવલ્યમ્‌ના ઓટલા ઉપર પૂ. માની બેઠકની બાજુમાં કરવામાં આવી છે. આ વસ્તુઓ આ પ્રમાણે છે.

ધાબળો, શેત્રંજી, ટુવાલ, થાળી–વાટકો, પ્યાલો, ચમચી તથા મોટો વાટકો, ઉપરાંત સાડી–તથા પ્રસાદ.

આજના આ સત્કર્મના આર્થિક સહયોગીઓ ગઈકાલના શ્રી પ્રભાબેન પટેલ અને ડૉ. અરૂણભાઇ પટેલનો પરિવાર છે.

દીપ પ્રાગટ્ય આ પરિવારના સભ્યોના હાથે જ કરાવવામાં આવે છે. પછી પૂ. માની સૂચના પ્રમાણે આવનાર લાભાર્થી-ઓને સન્માનપૂર્વક બેસાડી–દાતા પરિવારના સભ્યો બધી વસ્તુઓનું વિતરણ કરે છે. તો શ્રી અમિતભાઇ ચાવાળા તરફ-થી ચોકલેટ, શ્રી નવીનભાઇ દવે તરફથી વેફર, તો પરદેશથી આવેલ ડાહ્યાભાઇ તરફથી સ્ટીલનો મોટો વોટકો પણ આપવા-માં આવે છે.

સાડી આપવામાં પૂ. માએ એ પણ ધ્યાન રાખ્યું છે કે દરેક બેનને તેની જ્ઞાતિની પરંપરા પ્રમાણેનું વસ્ત્ર મળે. અહીં આદિવાસી, રબારી કે બીજી કોમોમાં જુદા જુદા પ્રકારની સાડી



પહેરવામાં આવતી હોય છે. રબારી બેનો આદિવાસી જેવી સાડી ના પહેરે.

આ બધા લાભાર્થી બેનોને શ્રી પ્રભાબેન પરિવાર તરફથી દરેકને રૂા. ૫૦/– પ્રવાસ ખર્ચના પણ આપવામાં આવે છે. અંબાજી જેવા મોટા તીર્થમાં આ પ્રકારના સેવાયજ્ઞો ક્યાંય જોવા મળતા નથી. સ્વર્ગારોહણમાં દરિદ્રનારાયણની સેવાના ભાગરૂપે પૂ. માએ આ પ્રણાલિ શરૂ કરાવી છે, જે આસપાસના ગરીબ આદિવાસી પરિવારો માટે મોટા આશીર્વાદરૂપ ઠરી છે.

આ સેવાની ફલશ્રુતિ લાભાર્થી બેનોના ચહેરા ઉપરના આનંદમાં જ જોઇ શકાય છે. ૐ મા–જયમાનો જયઘોષ કરતાં અશક્ત બેનોને સાધક ભાઇબહેનો–મળેલી વસ્તુઓનું પોટકું બાંધી–ઉપાડી દરવાજા સુધી વિદાય આપવા આવે છે, ત્યારે રસ્તા ઉપર ઊભેલાં ભાઇબહેનો સાશ્ચર્ય આ દૃશ્ય જોઇ રહે છે.

અત્યાર સુધીમાં પૂ. માએ હજારો પરિવારોને આવી સહાય પહોંચાડી–તેમના જીવનમાં પ્રભુનો પ્રવેશ કરાવ્યો છે. અહીં તીર્થસ્થાનોમાં લોકો–મંદિરોમાં ખૂબ પૈસા આપે છે, ભેટો ધરાવે છે, કિન્તુ દાનનો આ ધાર્મિક પ્રવાહ–જીવતા માનવોને સહાય-રૂપ થવા માટે વળતો નથી તે મોટી કરુણા છે. આના પરિણામે મંદિરો ને મહંતો ધનાઢ્ય બન્યા છે, જ્યારે આસપાસ વસતા ગરીબો ગરીબો જ રહ્યા છે. આ પરિસ્થિતિમાં બદલાવ શી રીતે લાવી શકાય. તે પૂ. મા જેવાં નિઃસ્પૃહી ને ત્યાગી સંત જ ચીંધી શકે. પૂ. માનો આ સંદેશ વ્યાપક પ્રમાણમાં લોકો સમજે ને તે પ્રમાણે અનુસરે તો ગરીબોની ઘણી સમસ્યા હલ થાય.

# ઈશુના ૨૦૦૬ ના વર્ષને વિદાય

પૂ. મા એક સર્વધર્મ સમન્વયકારી સંત છે. એમને મન ઈશુનું વર્ષ કે ક્રમ સંવતમાં કોઇ ભેદ નથી. બંનેના અંતિમ દિવસો માટેનો આદર પૂ. માને મન સરખો છે. તેથી ખ્રિસ્તી-ઓ ભલે અંતિમદિનને મોજમઝાથી ઉજવતા હોય, પરંતુ પૂ. મા તેને પોતાના પ્રણામોનું નૈવેદ્ય ધરી ઉજવે છે. ૩૧ મી ડીસેમ્બરે પૂ. મા ૧૦૦૧ પ્રણામ પ્રભુ ઈશુને ધરી, તેને મહિમા ધરે છે. તો પહેલી જાન્યુ. ૨૦૦૭ ને પણ એ જ રીતે ૧૧૧૧ પ્રણામોનો પ્રસાદ ધરી વધાવે છે. સ્વર્ગારોહણમાં પૂ. માના આ પ્રણામયજ્ઞમાં ઘણાં બધાં સહભાગી બની રહ્યાં. આવો આદર-ભાવ અને સમજ ધાર્મિક આગેવાનોમાં જો પ્રગટે તો સમાજની કેટલી બધી સમસ્યાઓ ને વિતંડાવાદો ઉકલીને શાન્ત થઇ જાય.

ભગવાન ઈશુનું ૨૦૦૭ નું વર્ષ સમગ્ર દુનિયા માટે શાંતિ ને મંગલ લાવનારું બની રહો—એ જ પૂ. માની અને સાધકોની અંતરની પ્રાર્થના.

સંસારથી હઠીને શરીરને નિર્જનસ્થાનમાં લઇ જવું એ જ સર્વથા એકાંતસેવન નથી, કારણ કે શરીર પણ સંસારનું એક અંગ છે. શરીર અને સંસારને અલગ અલગ જોવાં એ વિષમબુદ્ધિ છે. આથી શરીર અને સંસારને એક સમજવાથી સમબુદ્ધિ થઇ શકે છે. વાસ્તવિક એકાંતની સિદ્ધિ તો પરમાત્મતત્ત્વથી અતિરિક્ત અન્ય બધા જ પદાર્થો અર્થાત્ શરીર અને સંસારની સત્તાનો અભાવ થવાથી જ થાય છે. સાધન કરવા માટે એકાંત ઉપયોગી છે. પરંતુ સર્વથા એકાંત સેવી સાધનાદ્વારા વ્યવહાર કાળમાં ભૂલ થવાનો સંભવ છે. શરીરમાં મમતા ન હોવી એજ વાસ્તવિક એકાંત છે. આથી સાધકે વાસ્તવિક એકાંતને લક્ષ્યમાં રાખીને અર્થાત્ શરીર, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિથી પોતાની અહંતા—મમતા હઠાવીને સર્વત્ર પરિપૂર્ણ બ્રહ્મમાં અભિન્નભાવથી સ્થિર રહેવું જોઇએ. એવા સાધકો જ વાસ્તવમાં સમબુદ્ધિ છે. **—સ્વામી રામસુખદાસજી**



# શ્રી શ્રી મા શારદાદેવી—(૧૪)

**પ્રો. અરુણિકા મનોજ દરૂ**

### શ્રી મા અને ઠાકુર

ઠાકુર અને શ્રી મા એટલે શિવ અને શક્તિ. પુરુષ અને પ્રકૃતિનું અદ્વૈત. ઠાકુર ઠાકુર જ હતા અને એમનું રહસ્ય હતાં શ્રી મા શારદામણિદેવી. શ્રી મા શારદાને પામી તેઓ પૂર્ણ થયા. શક્તિ વિના શિવ, પ્રકૃતિ વિના પુરુષ અપૂર્ણ જ રહે. તેવું જ શ્રી મા શારદામણિ વિના શ્રી રામકૃષ્ણ પરમહંસ વિષે કહી શકાય. શ્રી રામકૃષ્ણના દેહાવસાન પછી તેમનું અધૂરું કાર્ય પૂર્ણ કરવું એ જ એમના જીવનનો ઉદ્દેશ હતો. ઠાકુરે પોતે જ કહ્યું હતું : ‘‘અર્ધું કામ હું કરીને જાઉં છું બાકીનું અર્ધું તમારે પૂરું કરવાનું’’ અને શ્રીમાએ ઠાકુરના એ વચનો સાર્થક કરી બતાવ્યા.

નરલીલા વખતે અવતારને સામાન્ય માણસની માફક આચરણ કરવાં પડે. જ્યારે ભગવાન મનુષ્યરૂપ લે છે ત્યારે તદ્દન માણસ જ બની જાય છે. ક્ષુધા, તૃષ્ણા, રોગ, શોક, ભય વગેરે સામાન્ય માણસની માફક જ હોય છે એટલે તેમનો વ્યવહાર સામાન્ય માણસના જેવો જ જોવામાં આવે છતાં, તેને સાધારણ માણસના જીવન સાથે સરખાવી ન શકાય. કારણ કે ઘણેખરે અંશે એ જુદું પડી આવે. શ્રી રામકૃષ્ણના જીવન વિષે વિચારીએ તો તેઓ વારંવાર સમાધિસ્થ બની જતા. તો પણ તેમનું મન વ્યાવહારિક ભૂમિકામાં રહેતું ત્યારે એમના પ્રત્યેક કાર્યમાં વ્યવસ્થા અને સુઘડતા જોવામાં આવતી. તેમણે તો લોકકલ્યાણ માટે જ દેહ ધારણ કરેલો એટલે તેમનું જીવન બીજી ઘણીખરી રીતે લોકોને માટે આદર્શરૂપ હતું. વર્તમાન

યુગમાં યુગાવતાર શ્રી રામકૃષ્ણનો આ એક મોટો ફાળો ગણાવી શકાય. શ્રી માનું જીવન જોતાં પણ આ જ વાત કહી શકાય. શ્રી રામકૃષ્ણના જીવનમાં રોજિંદા જીવનને ઉપયોગી એવા અસાધારણ આદર્શોનો તોટો ન હતો. તેવું જ અસાધારણ આદર્શરૂપ શ્રી માનું જીવન હતું. તેમણે પણ તત્કાલીન ભોગ-લોલુપ સ્વાર્થી સમાજમાં સ્નેહ, સેવા અને ઉદારતાનો નવો આદર્શ સ્થાપિત કર્યો. શ્રી મામાં પણ ત્યાગ, વૈરાગ્ય, નિઃ-સ્વાર્થતા વગેરે ગુણો શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા જ હતા. તેઓ પણ સતત જપધ્યાન કરતાં અને સમાધિસ્થ થઈ જતાં.

શ્રી રામકૃષ્ણમાં તો વિદ્યાનું ઐશ્વર્ય હતું. જ્યારે શ્રી મા નિરક્ષર તો ન હતાં પણ અલ્પશિક્ષિત તો હતાં જ. શિક્ષણની બાબતમાં તો અનૌપચારિક પ્રાથમિક શિક્ષણ જ મળેલું પણ એમને પરમેશ્વરનું પ્રત્યક્ષ જ્ઞાન તો ઠાકુરની જેમ હતું જ. ગૃહસ્થીઓને ગૃહસ્થધર્મ શીખવવા તેઓ ગરીબ સ્ત્રીની માફક ઘરઆંગણું સાફ કરતાં, ચોખા ઝાટકતા, રસોઇ કરતાં, વાસણ માંજતાં અને એઠવાડ સુદ્ધાં સાફ કરતાં. છતાં અસીમ ધૈર્ય, અપાર કરુણા તથા સંપૂર્ણ નિરાભિમાનિતા તેમનામાં હતાં. તેમનું આંતરિક ઐશ્વર્ય અપ્રગટ જ રહેતું.

શ્રીરામકૃષ્ણે વીણીવીણીને શિષ્યો બનાવેલા. પણ શ્રી મા તો અદ્‌ભુત હતાં. શ્રી મા તો ખરેખરા અર્થમાં સહુના માતા જ હતાં. બધાને જ આશ્રય આપતાં. કોઇનું દુઃખ જોઇ શકતાં નહીં. કોઇ રડે, જીદ કરે એટલે શ્રીમાનું કોમળ હૃદય પીગળી જતું અને પછી તે વ્યક્તિ ગમે તેવી દુરાચારી હોય તો પણ શ્રી મા તેને અંકે લઇ લેતાં. અરે, તેમણે મંત્રદીક્ષા આપી હોય તે સર્વને માટે યાદ કરી કરીને જપ પણ કરતાં. સહુની સંતાન પેઠે સંભાળ રાખતાં.



આમ જોઇએ તો ઠાકુર તથા શ્રી માની આધ્યાત્મિક શક્તિ-ના પ્રયોગનાં ક્ષેત્રો અલગ અલગ રહ્યાં હતાં. ઠાકુર સાંસારિક વાતાવરણથી દૂર, ભક્તોથી ઘેરાયેલા, દેવમંદિરમાં જ રહેતા. તેમની સંપૂર્ણ ત્યાગ—વૈરાગ્યની ભાવના મનુષ્યમાત્રને આશ્ચર્ય-ચકિત કરી દેતી. પૈસાને તો તેઓ હાથ પણ લગાડી શકતા નહીં. ધાતુના સ્પર્શ માત્રથી તેમનું અંગ વિકૃત થઇ જતું. જ્યારે શ્રી મા ગૃહસ્થીઓની વચ્ચે રહેતાં, દિવસ દરમ્યાન હંમેશા ગૃહકાર્યમાં વ્યસ્ત રહેતાં દેખાતા, છતાં, મન ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાએ વિચરતું એટલે વાસ્તવમાં જે ભેદ દેખાય છે તે મૂળ-ગત તાત્ત્વિક ભેદ નથી. શ્રી માને તો પૈસાનો વ્યવહાર પણ કરવો પડતો. પ્રસંગોપાત્ત કોઇને સાડી કે ધોતિયું વગેરે વસ્ત્રો આપવાં જરૂર પડ્યે ફળ, મીઠાઇ કે મમરા મંગાવવા, બજાર-માંથી ગૃહવપરાશની ચીજોની ખરીદી કરાવવી વગેરે પૈસાને લગતાં કામકાજ શ્રી માને હસ્તક રહેતાં. પણ શ્રી મા કદી પાઇપાઇનો હિસાબ રાખતાં નહીં. ઉંબર પાસે પૈસા મૂકી દેતા અને શિષ્યો કે ભક્તો તે લઇ કામ પતાવી આવતા. બાકી શ્રી મા પોતાને માટે ક્યારેય કશું મંગાવતાં નહીં. અગાઉ જોયું તેમ સામાન્ય સ્ત્રીની માફક ઘરેણાંનો પણ તેમને લોભ ન હતો. પાંચ વર્ષની બાલિકા હતાં અને સાસરે આવ્યાં ત્યારે ઊંઘતી શારદા-ના શરીર પરથી શ્રી રામકૃષ્ણે હળવેથી બાલિકાવધૂને ખબર ન પડે તેમ દાગીના ઉતારી લીધેલાં તે પછી જાગૃતતાવસ્થામાં બાળ શારદાએ દાગીના વિષે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં સાસુમાએ મારો ગદાઇ તને આનાથી પણ સુંદર કેટલાંય ઘરેણાં ઘડાવી આપશે એમ કહેલું તેના જવાબરૂપે જાણે શ્રી રામકૃષ્ણે શારદામાને બે સુંદર સુવર્ણકંકણો ઘડાવી આપેલાં અને પોતાના દેહત્યાગ પછી પણ સંસારની દૃષ્ટિએ વિધવા થયેલ પત્નીને તેના હાથમાંથી

કાઢવાં દીધાં ન હતાં. બસ શ્રીમાનો આ જ હતો શણગાર. લાલ કિનારની સફેદ સાડી, માથું ઓઢેલું. સુંદર લાંબા વાળ, શરીરના ઉપરના ભાગમાં એક પણ વસ્ત્ર નહીં. છતાં સાડી અને છૂટા લાંબા વાળથી તે અંગ સદાય ઢંકાયેલું રહેતું. મર્યાદાલોપ ક્યારેય થતો નહીં. આમ ઠાકુર દ્રવ્યત્યાગ કરતા તો શ્રી મા તેનો બ્રહ્મભાવે સ્વીકાર કરતાં આટલો જ ભેદ ગણાવી શકાય.

ઠાકુર પોતાના ઊર્ધ્વગામી મનને નીચેની વ્યવહારભૂમિકા પર રાખવા માટે તમાકુ ખાવી છે, પાણી પીવું છે એવી ક્ષુદ્ર ઈચ્છાઓનો આશ્રય લેતા તો શ્રી માએ રાધુને પોતાની પાસે રાખી ઉછેરી અને એ રીતે માયાનાં બંધનને સ્વીકારી, મનને વ્યાવહારિક ભૂમિકાએ આણી રાખ્યું હતું. અલબત્ત આગળ આપણે જોઇ ગયા તેમ તેને કારણે શ્રી માને ઘણું વેઠવું પણ પડ્યું હતું પણ શ્રી માએ પોતે જ એકવાર કહ્યું હતું તેમ હું સંસારમાં છું. સંસારવૃક્ષનું ફળ મારે ભોગવવું પડે છે.

શ્રી રામકૃષ્ણે પ્રણામરૂપી અસ્ત્રથી બધા પર વિજય મેળવ્યો. શ્રી મા પણ વડીલોને વંદતાં. વૃદ્ધાવસ્થામાં વધારે મહેનત નહોતી થતી ત્યારે એક વૃદ્ધ બ્રાહ્મણ બાઇ રસોઇ કરતી. શ્રી મા તેને માસીબા કહી સંબોધતાં. વિજયાદશમીએ લોકો શ્રી માને પ્રણામ કરે ત્યારે શ્રી મા માસીબાને પગે લાગ્યાં હતાં. શિક્ષિત, ઉચ્ચ પદવી ધરાવનાર તથા બીજી રીતે માન આપવા યોગ્ય વ્યક્તિ, જન્મે બ્રાહ્મણ ન હોય તો પણ શ્રી મા તેનું સન્માન કરતાં. માતાજી દેશાચારમાં માનતા પણ દેશાચારને નામે કોઇ માણસને પીસી નાંખે તે તેમને ગમતું નહી. કારણ કે પરિવર્તનશીલ સમાજમાં પ્રાચીન દેશાચારો જીવનને પગલે પગલે અસહ્ય કરી નાંખે. તે વખતે ધર્મના દૃઢ પાયા પર સ્થિત સહાનુભૂતિવાળી ભવિષ્ય જોઇ શકનારી વ્યક્તિ જ સંકટને



સમયે સાચું માર્ગદર્શન કરી શકે. શ્રી મામાં એ શક્તિ ભરપૂર હતી. એટલે આવાં અનેક પ્રશ્નો, મૂંઝવણો શંકાકુશંકાઓ, સમસ્યાઓ તેમની પાસે આવતાં. શ્રી મા સહુને સમજાવીને સરળતાથી ઉકેલ લાવતાં.

શ્રી મા પોતાનાં કામ પોતે જાતે જ કરતાં. કોઇ તેમને માટે કંઇ લઇ આવે તો શ્રી મા તે વસ્તુની ખૂબ પ્રશંસા કરતાં. બધી બાબતોમાં બીજાના ગુણો જોવાની વૃત્તિ શ્રી માના સુંદર નિર્મળ જીવનની એક દર્શનીય બાજુ હતી. પોતાને જે ગમતું તે બીજાને બતાવીને તે બનાવનાર કે લાવનારનું બહુમાન કરતાં. શ્રી માના તથા ઠાકુરના પ્રત્યેક વ્યવહારમાં અને વાતચીતમાં સંયમ-પૂર્ણ ઈશ્વરપરાયણતા સહુને માટે પ્રેરક બની રહેતી.

એક દેખીતો ભેદ ઠાકુર તથા શ્રી માના સ્વભાવમાં સહેજે નજરે ચઢે. ઠાકુર અપરિગ્રહી. કોઇ વસ્તુ પોતાની પાસે સંઘરી શકે નહીં. સંઘરે તો રોજનો રસ્તો પણ ભૂલી જાય તેવું બને. કારણ કે તેઓ હતા સાધુ વૈરાગી પુરુષ. શ્રી મા રહ્યાં ગૃહસ્થી. કરકસર કરી ખર્ચને પહોંચી વળવાનું. આવનારની સગવડ સાચવવાની, એટલે બગાડ તો પોષાય નહીં. કરકસર કરવી પડે. તેથી સીતાફળની ખાલી થયેલી ટોપલી પણ ભવિષ્યમાં કામ લાગશે એમ માનીને શ્રી મા સાચવી રાખતાં. કેટલીક વાર અમુક ભક્તો અમુક સમયે આવી જાણી, શ્રી મા તેમને પ્રિય મીઠાઇ વગેરે સાચવી રાખતાં. આમ બંનેની વૃત્તિના આ ભેદ પાછળ મૂળગત કારણ એક જ. ઠાકુર વસ્તુઓ સંઘરે નહીં, શ્રી મા પાસે મોકલાવી દે. શ્રી મા વસ્તુ સંઘરે ખરાં પણ તે પોતાને માટે નહીં, ભક્તજનોમાં વહેંચી દેવા માટે જ. સંગ્રહાખોરી નહીં, કેવળ સ્નેહભાવથી, માની મમતાથી, પોતાના સંતાનોને તેમની મનપસંદ વાનગી કે મનપસંદ ચીજવસ્તુ આપીને રાજી કરવાના

સદ્ભાવથી પ્રેરાઈને. તેમાં અંગત સ્વાર્થ લેશમાત્ર નહીં.

શ્રી મા અને ઠાકુર બંનેના સ્વભાવમાં સરળતા સહેજે ધ્યાન ખેંચે. છતાં નાની કે નજીવી બાબતોમાં શ્રી માની નજર ઝીણી રહેતી. આંગણું વાળીને કોઇ વ્યક્તિ સાવરણી ફેંકે તો તે પણ શ્રી માને ન ગમે. કહેતાં : "ઝાડુને પણ માન આપવું જોઇએ. નજીવું કામ પણ શ્રદ્ધા સાથે કરવું જોઇએ." કોઇ પણ વસ્તુનો બગાડ થાય તે શ્રી માને ન ગમે તેઓ કહેતાં : "જેનું જે ખાદ્ય હોય તેને તે આપવું જોઇએ." માણસ જે ખાય તે ગાયને ન આપવું જોઈએ. જે ગાય ખાય તે કૂતરાને ન આપવું જોઇએ. જે ગાય કે કૂતરાં ન ખાય તે તળાવમાં ફેંકી દેવું જોઇએ જેથી માછલીઓ ખાઇ શકે. શ્રી મા ફળ અને શાકની છાલ ગાય માટે રાખી મૂકતાં.

શ્રી મા અને ઠાકુર બંનેમાં વિનોદવૃત્તિ સહજ હતી. કાશીપુરના મકાનમાં શ્રી મા દાદર પરથી દૂધ લઇને જતાં જતાં પડ્યાં. તેમની પાનીનું હાડકું ખસી ગયું. હરવાફરવાનું બંધ થઇ ગયું. ઘૂંટી પર સોજો આવ્યો. એમના પડી જવાની વાતથી ઠાકુરને ભારે દુઃખ થયું. ઠાકુર તેમના ઘણા કામો માટે શ્રી મા પર જ આધાર રાખતા હતા છતાં તે વખતે પણ સ્વાભાવિક વિનોદ કરતાં તેમણે બાબુરામને કહ્યું, "હે બાબુરામ! હવે શું થશે? ખાવાનું શું થશે? મને કોણ ખવડાવશે?" ઠાકુરને ત્યારે ભાતની કાંજી આપવામાં આવતી અને શ્રી મા પોતે તેમને પિવડાવતાં. ત્યારે શ્રી મા નાકમાં નથ પહેરતાં હતાં. એટલે ઠાકુરે પોતાના નાક પર હાથ મૂકી, પોતાની આંગળીથી નથનો આકાર કરી કહ્યું : "ઓ બાબુરામ! આ એમને તું તારા માથા પર ટોપલામાં બેસાડી લઇ આવી શકીશ?" આ સાંભળી નરેન્દ્ર અને બાબુરામ હસી હસીને ઢગલો થઇ ગયા. ત્રણ દિવસ પછી



શ્રી માને સોજો ઊતર્યો ત્યાં સુધી ગુલાબમાએ ઠાકુરને રાંધી ખવડાવવાની જવાબદારી ઉપાડી લીધી.

શ્રી મામાં પણ બાલિકાની સરલતા તથા સ્ત્રીસુલભ વિનોદવૃત્તિ હતી. મોટે ભાગે શ્રી મા પોતાની અશક્તિની વાતનો સ્વીકાર કરી પોતે હસતાં અને સહુને હસાવતાં. તેનું એક ઉદાહરણ જોઇએ. શ્રી મા જ્યારે પહેલીવાર કલકત્તા આવ્યાં ત્યારે એક દિવસ બાથરૂમમાં જઇને નળ ઉઘાડતાં તેમાંથી સુસવાટો સંભળાયો. આથી ગભરાઇને તેઓ ખસી ગયાં અને બોલ્યાં : "નળની અંદર સાપ ભરાયો છે." વાસ્તવમાં નળના પાઇપમાં પાણી ન હતું તેથી હવા ભરાઇ જતાં હવાનો સુસવાટો અવાજ કરતો બહાર આવ્યો હતો. પોતાની અણસમજની વાત પર અને ગામડિયા બુદ્ધિ પર શ્રી માએ જાતે જ હાંસી ઉડાવી અને સહુને હસાવ્યાં હતાં.

એક વાર સિસ્ટર નિવેદિતા અને ક્રિસ્ટીન શ્રી માને મળવા ગયાં. નિવેદિતા ત્યારે બેચાર બંગાળી શબ્દો શીખેલા તેની મદદથી બોલ્યાં : "મા! આપ તો અમારાં મા કાલી છો." આ સાંભળીને માતાજી હસીને બોલ્યાં : "ના બાપુ! હું તો કાલી—બાલી નહીં બની શકું. નહીં તો વળી આખો વખત મારે જીભ બહાર કાઢી રાખવી પડશે." આમ માતાજી ઘણીવાર રમૂજ કરતાં પણ કોઇની મૂર્ખાઇ પર નહીં. બીજા લોકો જ્યારે અન્યની મૂર્ખાઇ પર હસે ત્યારે તે મૂર્ખતા પર હસીને શ્રી મા તે વ્યક્તિને માઠું લગાડતાં નહીં પણ એની તરફ સહાનુભૂતિ દર્શાવતાં.

આમ શ્રી મા તથા ઠાકુરમાં દેખીતી રીતે ભિન્નતા દેખાય તો પણ બંને એકમેકને આંતરબાહ્ય સર્વ રીતે સર્વ પ્રકારે પૂર્ણતઃ ઓળખતાં હતાં. સાચા અર્થમાં જોઇએ તો બંને પરસ્પરના

પૂરક હતાં. એ બંનેના સહિયારા સતત પ્રયાસથી યુગધર્મ-પ્રવર્તનનું કાર્ય શક્ય બન્યું હતું. સમાજમાં ક્રમશઃ પરિવર્તન આવવા માંડ્યું હતું. શ્રી માના લીલાસંવરણ સમયે તો ઠાકુર તથા શ્રી માનું નામ અને કામ કેવળ કલકત્તા કે ભારતમાં જ નહીં, આખા વિશ્વમાં વિખ્યાત થયું હતું.

અપાર્થિવ નિર્મળ પ્રેમસુધા વરસાવનાર સૌમ્ય શાંતિદાતા સર્વનું મંગલ વાંછતાં શ્રી મા શારદામણિદેવીને કોટિ કોટિ વંદન. (ક્રમશઃ)

જેણે વિષયોમાંથી આસક્તિ છોડી દીધી છે, તેવો માણસ ઘરમાં રહે કે વનમાં રહે, તેને કોઇ ફેર પડતો નથી. પરંતુ જેને વિષયોમાં રાગ છે, તેવો માણસ ઘર છોડી વનમાં જશે તોપણ તેની વિષયાસક્તિ તેના મનને શાન્તિથી બેસવા નહિ જ દે. —યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# નેત્રયજ્ઞની સંક્ષિપ્ત વિગતો

**યોગેશ પંડ્યા (મુંબઇ)**

અહીં આંખના દર્દીઓનાં મોતિયાના જે ઓપરેશનો થયાં તેના આર્થિક સહયોગીઓ નીચે પ્રમાણે છેઃ—

**કુ. નીતિબેન ગૌત્તમકુમાર ભટ્ટ**
**શ્રી લત્તાબેન મહેન્દ્રભાઇ ભક્ત**
**શ્રી ગીતાબેન પ્રવીણભાઇ**
**અને શ્રી રાજુભાઇ અને જ્યોતિબેન**

: ડોક્ટરોની ટીમ હતી :
આઇ ઇન્સ્ટીટ્યુટ, રોટરી કલબ, નવસારી.
ઓપરેશન સ્થળ : કોટેજ હોસ્પીટલ, **અંબાજી.**
કુલ દર્દીઓને તપાસ્યા ૬૦૦
આંખના ઓપરેશન થયાં. ૧૨૪
બીજાઓને ચશ્મા વગેરેની સારવાર.

## ‘‘નેત્ર દીપકનો મહોત્સવ’’

### આંખ વગરનું જીવન અંધારિયું

ભગવાન મહાવીર સ્વામી કહે છે કે—‘‘પોતાનું અસ્તિત્વ પ્રગટ કર્યા વગર જીવો. એનો અર્થ એ છે કે ક્યાંય પણ તમારું વ્યક્તિગત અહં ના પ્રકાશિત થાય તેનું ધ્યાન રાખો. કદી કર્તા ના બનો. પૂ. માના જીવન પરથી સમજાય કે પોતાના અસ્તિત્વના પાંદડે—પાંદડે સત્કર્મોના દીવડા પ્રગટાવી પોતાના

અસ્તિત્વને ઉજાળી, પૂ. મા રૂપી સત્કર્મનો આ દીપક ઝળહળાટ ને ઝગમગાટથી પ્રકાશિત છે, કારણ કે તે સ્વયં પ્રકાશિત છે—પરપ્રકાશિત નથી. આ દીવડાને શ્રીહરિના સમગ્ર આશીર્વાદ છે. સ્વયં શ્રી હરિ જ તેનું ઈજન બની રહ્યા છે. આ દીપને લૌકિક ઘી—તેલની જરૂર જ નથી. આ દીપ તો સમગ્ર અધ્યાત્મના અર્કથી છલોછલ છે. એવા શ્રીહરિના પ્રાણસમા મા સર્વેશ્વરીરૂપી દીપના શ્રીચરણોમાં પ્રણામ.''

કોઇ પણ જાતની આકાંક્ષા, અપેક્ષા, પ્રસિદ્ધિ કે એષણા વગર માત્ર સત્કર્મના શિવસંકલ્પરૂપી આ નેત્રચિકિત્સાનું આયોજન થયું છે. ''નિઃશુલ્ક નેત્રચિકિત્સા''ના આ કેમ્પમાં મોતિયાનાં ઓપરેશન દ્વારા દર્દીનારાયણોની સેવા કરી સ્વર્ગારોહણમાં સતત ચાલતા સત્કર્મોની સુવાસ ચોમેર પ્રસરી રહી છે. આજે વર્ષોથી અંબાજી અને આજુબાજુમાં રહેલી આદિવાસી પ્રજા તથા નિર્ધન, નિઃસહાય, તરછોડાયેલા વર્ગો સાથે પૂ. મા એક સ્નેહી—સ્વજન બની સહાયક થઈને ઊભાં છે. આ નિઃશૂલ્ક નેત્રચિકિત્સાના કેમ્પ સાથે સ્વર્ગારોહણના ઈતિહાસમાં આજે ફરી એક સત્કર્મનું સુવર્ણપાન ઉમેરાઈ ગયું છે.

સ્વર્ગારોહણનું પ્રત્યેક પ્રભાત નિત—નવલાં નઝરાણાસમા સાત્ત્વિક સત્કર્મ દ્વારા જ ઉદય પામે છે, અને પ્રત્યેક સંધ્યા પૂ. માની પરમ તેજોમય સાધનાની સંગિની બની જાય છે. તેથી જ તો આ ચાંદા અને સૂરજ વચ્ચે જાણે કે આવાગમનનો મીઠો ઝઘડો ચાલે છે.

આવું જ આ સત્કર્મરૂપી પ્રભાત તારીખ ૬—૧—૦૭ ના રોજ ઉદય પામે છે. પ્રભાતે અહીં ''યોગશૈવલ્યમ્''માં પૂ. મા પૂ. શ્રી પ્રભુ સાથે આવી બિરાજમાન થાય છે. આ શુભકાર્યના સદ્ભાગી અને સહભાગી દાતાઓ દ્વારા ''ૐ યોગેશ્વરાય નમઃ''ના મંગળ ધ્વનિના શુભનાદે આ શુભકાર્યની શરૂઆત માટે દીપ પ્રાગટ્ય થાય છે. મંગલ વાતાવરણમાં મંગલમયી માતાની સંગાથે સદાય મંગલ પ્રવૃત્તિઓથી ધમધમતું ''સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ''દ્વારા ચારે દિશાઓમાં મંગલકાર્યના પડઘમ સંભળાય છે. આજના આ કાર્યનો ઉદ્દેશ જ છે કે નિઃસહાયને સહાય કરવી અને દૃષ્ટિ છે છતાંય આર્થિક પરિસ્થિતિના લીધે મોતિયાના ઓપરેશનદ્વારા દૃષ્ટિનો ઉપચાર કરાવી શકતા નથી તેવા દરિદ્રનારાયણની સેવાનું શુભકાર્ય કરવું. સર્વને નવી દૃષ્ટિ મળે અને સૌને સુખમય આરોગ્ય પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સાથે આ કાર્યક્રમ શુભારંભ પામે છે.



પૂ. માએ પહેલાથી જ સૂચન ધર્યું છે કે—''સત્કર્મની—સેવાની આ સુવર્ણતક છે તો ઝડપી લેજો. સર્વકોઇ સામેથી જ સેવાને શોધી લેજો. નાની—મોટી એવી કોઇ પણ સેવા આપી શકાય. નમ્રતાપૂર્વકનું જ વર્તન રાખવું. લાભાર્થીઓને ના સમજાય તો ફરી ફરીને સમજાવવું. પણ વર્તન નમ્ર જ હોવું જરૂરી છે. તેઓ આપણા અતિથિ છે. આપણે જ એમને અહીં બોલાવ્યા છે. તેમાં યથાયોગ્ય સત્કાર સાથેનો વ્યવહાર જ અપનાવવો. એટલું જ નહીં, તેઓ આપણા પરિવારના વડીલ છે એમ સમજીને જ સેવા કરવી.''

સાચે જ પૂ. માના આ ભાવ જીવનમાં ઉતરે તો જાણે સમગ્ર ભક્તગણ જ્યાં જ્યાં રહે છે ત્યાં ત્યાં તે તે ઘર એક સ્વર્ગારોહણ જ બની જાય. પૂ. માના શ્રીચરણે પ્રાર્થના કે તેવા જ બનવાના પ્રયત્ન કરીએ અને તેમાં સફળ બનીએ.

સ્વર્ગારોહણના આંગણે સવારથી જ લાભાર્થીઓની ભીડ જામી છે. આનું કારણ પણ પૂ. મા જ છે. આ ગામડાની જનતાને પૂ. મા પર અખૂટ વિશ્વાસ છે. અહીંનો કેમ્પ વિશેષ-

રૂપે બીજી સંસ્થાઓથી જુદો તરી આવે છે. દવાની સાથે દુઆ પણ કામ કરે જ છે તેની સૌને જાણ છે.

જે જે ભક્તોએ સેવા નોંધાવી છે તેઓ યથાયોગ્ય સ્થાને ગોઠવાઇ જઇ નવસારી રોટરી કલબના ડોક્ટરોને સહાયક થઇ રહ્યા છે. સ્વર્ગારોહણની અંદર દર્દીઓનો એક પછી એક અવિરત પ્રવાહ ઠલવાઇ રહ્યો છે. સૌ કોઇનો ઇલાજ કચાશ વગર થઇ રહ્યો છે કે નહિ તેના પર પૂ મા સ્વયં જ દૃષ્ટિ રાખી રહ્યાં છે. પૂ. માને કોઇના ભેદ નથી. સૂર્ય જેમ સૌને પોતાનો પ્રકાશ પાથરે છે અને ચંદ્ર જેમ સૌને શીતળતા ધરે છે તેમ પૂ. મા પણ સૌને પ્રકાશ પાથરે છે અને શીતળતા ધરે છે. દરિયો જેમ સૌને સમાવે તેમ જ પૂ. મા રાય તથા રંક સૌને અંકે લઇ જગમંચ પર એક અનોખો દાખલો બેસાડે છે. તેથી જ તો સૌ બાળકોના હૃદયમાં નદીના નિર્મળ નીર સમાન પૂ. માનો પ્રેમ અખૂટ રીતે ખળખળ વહી રહ્યો છે.

આજે આંખનું નિદાન અને ચિકિત્સા છે તો પૂ. મા પણ ગુગળના સુગંધિત ધૂપની ડોલ લઇને બધે જ ફરી રહ્યાં છે. આ ધૂપની સુગંધ સમગ્ર સ્વર્ગારોહણમાં પ્રસરી રહી છે. પૂ. માની સેવાકર્મની સુગંધ જ અજોડ છે—અનેરી છે. આ દરદીઓને પણ પૂ. મા પોતાના જ લાગી રહ્યાં છે. અધ્યાત્મ જગે પણ પૂ. મા વ્રત, જપ—તપ, તિતિક્ષા અને શ્રી ગુરુચરણે સર્વસમર્પણની ભાવના-રૂપી અતુલ્ય સુવાસ ધરી જ રહ્યાં છે ને! સ્વયં તપી બીજાને શીતળતા ધરી રહ્યાં છે. ગુરુસ્મરણની ધૂપસળી બની, શ્રીગુરુનાં સત્કાર્યોની સુવાસ ફેલાવી રહ્યાં છે. શ્રી હરિએ કહ્યું છે તે કે—

જીવતા દેવોને સેવો ભાઇ, જીવતા દેવોને સેવો...

તેને પૂ. મા અક્ષરસઃ સત્ય બનાવી રહ્યાં છે, દીનદુઃખિયાં તથા જરૂરતમંદોની આંતરડી ઠારી, હાશ ધરવી એ જ પૂ. માનું



યજ્ઞકાર્ય છે. તે જ તેઓની સાધનાનો એક ભાગ છે.

અહીં ૧૨૪ દર્દીઓનાં મોતિયાનાં ઓપરેશન કરવામાં આવ્યાં. આ બધાં જ ઓપરેશન સ્થાનિક ''કોટેજ હોસ્પિટલ''-માં રોટરી કલબના ડોક્ટરો દ્વારા કરવામાં આવ્યાં. વળી, આ દર્દીનારાયણોને ત્રણ દિવસ રાખવાની વ્યવસ્થા પણ સ્વર્ગા-રોહણની સામે આવેલા ''શક્તિભુવન''માં જ કરવામાં આવી. જેમાં દરેક દર્દીની સાથે તેનું પોતાનું એક સ્વજન પણ સાથે જ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી. આ સૌને ચ્હા—નાસ્તો તથા સવાર—સાંજનું ભોજન પણ અહીંયા નિઃશુલ્ક જ આપવામાં આવ્યું. દરદીઓને તો માત્ર અહીં આવવાનું જ, બાકીની બધી જ વ્યવસ્થા પૂ. માએ ખૂબ સુંદર રીતે ગોઠવી રાખી છે.

સાચે જ આપણે પણ પૂ. મા પાસે માત્ર પહોંચવાનું જ છે—તેનું જ શરણું લેવાનું છે અને પૂ. માએ ચીંધેલા માર્ગે ચાલવાનું જ છે. અરે! ચાલવાનું ક્યાં છે! પૂ. મા તો બાળકને ઉંચકી લે છે ને! જાણે સન્મુખ થયા તે જ પાત્રતા, બાકી અભિમુખ તો સ્વયં મા જ બનાવે છે ને!

શ્રી શક્તિભુવનમાં ગાદલા, તકિયા, ઓઢવાની રજાઇ તથા જમવાની સંતોષકારક સગવડ પૂ. માએ પહેલાથી જ કરાવી દીધી છે. અહીં ઠંડી સખત છે. તેથી તેની સામે રક્ષણ માટે રજાઇ પણ તૈયાર જ છે. સાથે સાથે શક્તિસ્વરૂપ પૂ. મારૂપી તાપણાની હૂંફ પણ છે જ. સત્કર્મોની સરવાણી અને હરિસ્મરણ જીવનમાં કેવી રીતે કરવું તેનું સુયોગ્ય જ્ઞાન પૂ. મા ધરતાં રહે છે. તેથી જ તો શક્તિભુવનમાં પહેલા દિવસે ''યોગેશ્વર લીલામૃત''નું પારાયણ અને બીજા દિવસે પૂ. શ્રી પ્રભુ તથા પૂ. માની ૧૧—૧૧ બાવનીઓ પણ આ સેવાની સાથે સાથે જ પૂ. માએ કરાવી. વળી, પૂ. માએ કીધું—

"આ લીલામૃતના ગાનમાં ભલે અહીં આવેલા લાભાર્થીઓને કાંઇ જ ના સમજાય, પણ એમના કાને જે પણ શબ્દો પડશે તે કોઇક જન્મે તો ઉગી નીકળશે. ખૂબ પ્રેમથી અને ભાવથી લીલામૃતનું ગાન કરજો, કારણ કે લીલામૃતના પ્રત્યેક શબ્દો પૂ. શ્રીની અક્ષરઆરતી છે."

પૂ. શ્રી હરિની કૃપાથી બધા જ દર્દીઓના આંખનાં ઓપરેશન ખૂબ સારી રીતે થઇ ગયાં છે. દવાઓ વગેરે લઇ સૌ દર્દીઓ શક્તિભુવનમાં આરામ કરી રહ્યા છે. પૂ. માના શરણે આવેલા સૌનું પૂ. મા સર્વ રીતે ધ્યાન રાખી રહ્યાં છે. પૂ. માએ તેથી જ તો સેવાભાવી બાળકોને કહ્યું છે કે દરેક બે રૂમની વચ્ચે બે બાળકો આખી રાત સેવા આપે. રાત્રે પણ કોઇને કંઇ પણ જરૂર હોય તો સહાયક થવાય. પૂ. માને તો આચરણ જ સંદેશ. તેથી સ્વયં તો સેવાનો ભેખ ધરીને ઊભાં જ રહે. આવી કડકડતી ઠંડીમાં પણ રાત્રીના ૧૨ વાગે પૂ. માનું શક્તિભુવનમાં આગમન થાય છે. પૂ. મા સ્વયંના જીવનદ્વારા જ બતાવે છે કે જે જાગશે તે જ પામશે. સાધકે સર્વ રીતે જાગ્રત જ રહેવાનું છે.

પૂ. મા દર્દીઓ કેમ છે? બધું બરાબર છે કે નહિ, તેના ધ્યાન માટે જ આવ્યાં છે. પૂ. માની લોકકલ્યાણની ભાવના અજોડ છે. કરવા ખાતર નહિ પણ કોઇ પણ કાર્યને અત્યંત ચીવટપૂર્વક પાર પાડવું તે પૂ. માના વ્યક્તિત્વનું અવિભાજ્ય અંગ બની ગયું છે.

પૂ. માનો પર્યાય એટલે 'પ્રસાદ'. રાત્રિના એક વાગે પૂ. મા બાળકોને કેડબરી મિલ્કશેક સાથે આઇસ્ક્રીમનો પ્રસાદ આપે છે. સાથે પડિયો ભરીને બદામ, કાજુ, બિસ્કીટ તથા શીંગ પણ આપે છે. પ્રાણીજગત પર પણ પૂ. માનો પ્રેમ એકસરખો જ



વહે છે. તેથી જ એક બિલાડીને ત્યાં ઊભી રહેલી જોતાં પૂ. મા સ્વયં જ તેની પાસે જઇ એક પડિયામાં દૂધ લઇ તેને પીવડાવે છે, વળી પૂરું થતાં તેમાં બીજું પણ રેડે છે. બિલાડી પણ જાણે પૂ. માનો પ્રસાદ પામી સંતૃપ્ત થઇ ત્યાંથી જાય છે. પૂ. માના પ્રસાદ થકી અમીદૃષ્ટિ પામી તો શું આ પ્રાણીજીવનની યોનિને પણ તે બિલાડી છેલ્લી સલામી ભરી દેશે ને! શ્યામસુંદર મા સર્વેશ્વરીનું આ એક મનમોહક પાસું છે. બાળકની પ્રસન્નતા એ જ પૂ. માનો પરમસંતોષ છે.

આ ઓપરેશનની સાથે પૂ. માએ સૌને ઘેર લઇ જવા માટે મફત દવાઓની સુવિધા પણ આપી જ છે. કેમ્પ નહિ પણ સમાજનું આ એક ફરજરૂપી સત્કાર્ય છે "પોતાની પાસે કંઇક અધિક છે પણ જેની પાસે નથી તેને આપો." ભગવાન મહાવીરના સંદેશને પૂ મા સત્યતાનું પ્રમાણ ધરી દે છે. તમારી જરૂરિયાત કરતા કંઇ પણ વધારે છે તે તો ભોગ છે. એટલે જ પૂ. મા આ ભોગને સત્કર્મના યોગમાં પલટાવે છે.

દિવસ પછી રાત અને સૂર્યોદય પછી ચંદ્રોદય—સૃષ્ટિક્રમના આ નિયમ મુજબ આજે પૂ. માના આ કેમ્પનો છેલ્લો દિવસ પણ આવી ગયો. પૂ. માને ક્યાંય કંટાળો નથી, થાકની રેખાઓ નથી. માત્ર કાર્ય થયાનો આનંદ છે. પૂ. શ્રી હરિએ કાર્યને સૂપેરે પાર પાડ્યું છે તેનો આનંદ છે. તે દરિદ્રનારાયણની વિદાયમાં જોવા મળે છે.

સ્વર્ગારોહણના અતિથિઓની વિદાય પણ માણવા જેવી હોય છે. જે દર્દીઓને વિદાય આપવાની છે તેઓને સ્વર્ગારોહણમાં બાંધેલા મંડપમાં બેસાડ્યા છે. તેઓની ફરતે "ૐ યોગેશ્વરાય નમઃ"ના મહામંત્રનું ગાન કરતા પૂ. મા સહિત સૌ ભક્તો પણ આ દરદીઓની ફરતે પ્રદક્ષિણા કરે છે. સૌને સારી

દૃષ્ટિ પ્રાપ્ત થાય, સૌનું સ્વાસ્થ્ય સુખમય થાય તેવી ભાવના છે. અહીં કોઈનો લોહીનો સંબંધ નથી. માત્ર ''માનવસેવા એ જ હરિસેવા''નો પડઘો પૂ. મા અહીં પાડી રહ્યાં છે. શાસ્ત્ર કહે છે કે—

કોઇ મહાપુરુષ પ્રદક્ષિણા ફરે તો સામાન્ય માનવીના કેટલાય જન્મો કપાઇ જાય. કષાયો કપાઇ જાય—કુકર્મો કપાઇ જાય. તો શું પૂ. માની પ્રદક્ષિણાનું પણ શું આ જ પ્રયોજન હશે ને?

માત્ર સાથે લઇ જવાની દવાઓ જ નહિ પણ ફરી પાછું આંખ તપાસવા માટે સ્વર્ગારોહણ ક્યારે આવવાનું, તેની તારીખ પણ અપાય છે. વળી, સૌને પ્રસાદમાં ધાબળો, ધોતી, સાડી, ઓઢણી, થાળી, તાસક, વેફર, બિસ્કીટ, ચોકલેટ, ટુવાલ, શેતરંજી વગેરે પણ અપાય છે. સાથે સૌને ૫૦ રૂા. જવાના ખર્ચપેટે પણ આપવામાં આવે છે. સૌ કોઇના મુખ પર સંતૃષ્ટિની છાયા દેખાય છે. સૌ કોઇ બે હાથ જોડી પૂ. માને પ્રણામ કરે છે. સૌના પ્રતિભાવ એક જ છે કે—આવાં 'મા' ક્યાંય ના મળે. અમને સરસ રીતે રાખ્યા, ઓપરેશન કરાવ્યું, ખવડાવ્યું—આવો પ્રેમ ક્યાંય ના મળે. અમને કોઇ ફરિયાદ નથી.

આ સાથે જ પૂ. મા અને સ્વર્ગારોહણના સૌ બાળકો ૧૧ પ્રણામ સાથે આ સત્કાર્ય પૂર્ણ થવા માટે પૂ. શ્રી ગુરુદેવપ્રભુનો આભાર માને છે.

ત્યારબાદ નવસારી રોટરી કલબના ડૉક્ટરોએ અહીં આવી સૌની આંખનાં ઓપરેશન કર્યા તે બદલ પૂ. મા આખા સ્ટાફને બિરદાવે છે. તેમના આ કાર્યને પણ પૂ. મા સાધના જ ગણાવે છે. કોઇ પણ ફરિયાદ વગર આખો સ્ટાફ પણ કાર્ય કરે છે તેની પણ પૂ. મા નોંધ લે છે. તે સ્ટાફની બેનોને પણ પૂ. મા ધાબળો, શેતરંજી, થાળી, તાસક, પ્રસાદ વગેરે અપાવે છે. વળી, પૂ. મા સ્વયં માળા, ચોકલેટ તથા શ્રી લક્ષ્મીજીનો પ્રસાદ પણ આપે છે.



છેલ્લે ડૉક્ટરો પણ પોતાની પ્રસન્નતા દર્શાવી પૂ. મા પાસેથી મોટી માત્રામાં પ્રસાદ ગ્રહણ કરી અહીં ફરી આવવાનું મન થાય તેવું છે, તેવા પ્રતિભાવો આપે છે. સ્વર્ગારોહણના સૌ ભક્તોદ્વારા સંકીર્તન કરતાં કરતાં તેઓને વિદાય આપવામાં આવે છે. સાથે સાથે પૂ. મા ''સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'' તરફથી રોટરી આઇકલબ નવસારીને ખર્ચ નિમિત્તે મોટી રકમ અર્પણ કરવામાં આવે છે.

શું આ માત્ર આઇકેમ્પ? કે નેત્રદીપકનો મહોત્સવ? જાણે પૂ. માથી વિખૂટા પડેલા જીવોના પુનઃ મિલનનો કોઇ મહામેળો છે.

શ્રી હરિની નિશ્રામાં એની જ એક માત્ર કૃપાથી આઇકેમ્પ અત્યંત સફળતાપૂર્વક પૂર્ણ થયો. પૂ. માએ સહુકોઇને સેવામાં સહભાગી કરી સત્કર્મોનું ભાથું બંધાવ્યું. પૂ. માના સત્કાર્યો તો અવિરતપણે ચાલુ જ રહે છે. સહુ ભક્તોના મોહરૂપી મોતિયાના ઓપરેશન તો પૂ. મા હરપળે કરતાં જ રહે છે. કુદૃષ્ટિના કુંઠિત મોતિયા કાઢી નવી દૃષ્ટિ ધરી સુદર્શન કરી શકે તેવાં જ ચશ્મા પહેરાવે છે.અને સુદર્શન દુન્યવી દર્શનમાં ન પલટાઇ જાય તેની સતત તાકીદ રાખી પ્રેમના અમૃતમય ટીપાં પૂ. મા સતત બાળકની દૃષ્ટિમાં નાખી રહ્યાં છે. તેથી જ હે મા! તારી જ આપેલી નવી દૃષ્ટિથી તારા જ સાચા દૈવી અમીમય સ્વરૂપનું આજ આંખોથી દર્શન કરી શકીએ એવી શક્તિ તું ધરજે.

એવી પ્રેમની મહાદેવીના શ્રીચરણોમાં પ્રણામ.

# News paper report on Shobha Yatra

**Laura B. Martinez**

**Brownsville Herald**

September 25, 2006,

About 200 members of the Hindu community braved the hot and humid temperatures Saturday morning as they participated in a $1\frac{1}{2}$ mile procession that took them from U.S. Expressway 77/83 to the home of Pankaj Patel on FM 802.

Dressed in Hindu costumes, some of the women carried colorful ceramic pots on their heads. They sang, and some even carried photographs of Maa Sarveshwari, who commonly goes by Maa, during the procession.

Sarveshwari is described as a living legend among her peers. She is known for her love and devotion.

Her status to the Hindu community is the same as Pope Benedict XVI's to Catholics.

The Hindu people carry photographs of her and follow her teachings as well.

Those participating in the procession came



from Panama, Canada, New Jersey and California and even as far away as London.

The procession is something of a custom when a Hindu moves his temple from one home to another, which Patel has done.

His move just happened to tie in with a seminar, said J.R. Bhakta, of Ozona, who participated in the procession.

Patel's home is the site of 10–day seminar that some 500 members of the Hindu faith will attend as they listen to the silent teachings of Sarveshwari.

Sarveshwari does not speak during the seminars. What she shows people is self discipline and ways to control one's opinion said Irma Garcia of Brownsville, another participant.

"She's the Holy Mother of Hindu," Garcia said. "What she preaches is prayer no matter what faith you are.... These are her followers. These are people who believe in different forms and different names" of Hindu gods.

"She gives you guidance in your faith," Bhakta said.

ધ બ્રાઉન્સવિલે હેરાલ્ડ—સમાચાર પત્ર

# સેંકડો હિંદુઓએ શોભાયાત્રામાં ભાગ લીધો.

અંગ્રેજી સંપાદન : **લૌરા બી. મારટીનેઝ**
ગુજ.અનુવાદ : **તંત્રી**

સપ્ટેમ્બર—૨૫, ૨૦૦૬,

લગભગ ૨૦૦ જેટલાં સાધક ભાઈબહેનોએ સખત તડકો અને પરસેવો થાય તેવી ગરમીમાં શનિવારે સવારે શોભાયાત્રામાં ભાગ લીધો. આ શોભાયાત્રા યુ.એસ.એક્સપ્રેસ ૭૩/૮૩ થી શ્રી પંકજભાઈ પટેલના ઘર સુધીની—દોઢ માઈલની હતી. શ્રી પંકજભાઈનું નવું ઘર FM–802 ઉપર આવેલું છે. આમાં મોટાભાગની બહેનોએ ભારતીય પોશાક (સાડીઓ) પહેરી હતી. અને તેઓના માથા ઉપર કળશો હતા. તેઓ ભજન ગાઈ રહ્યાં હતાં. તો કેટલાકોના હાથમાં મા શ્રી સર્વેશ્વરીનાં સ્વરૂપો હતાં. જેમને લોકો પૂ. મા તરીકે સંબોધે છે.

કેથોલિક લોકો પોપ બેનેડિક્ટ ૧૬ ને જે આધ્યાત્મિક આદર ભાવથી સન્માને છે, તેવી જ રીતે આ હિંદુઓ પણ પૂ. માને એવા દરજ્જાથી નિહાળે છે.

આ હિંદુ સાધકો તેમના સ્વરૂપને (પૂ. માના સ્વરૂપને) શોભાયાત્રામાં આદરભર્યું સ્થાન આપી—તેમના ઉપદેશોને અનુસરે છે.

આ શોભાયાત્રામાં જે સાધક ભાઈબહેનોએ ભાગ લીધો તેઓ પનામા, કેનેડા, ન્યુજર્સી, કેલિફોર્નિયા ઉપરાંત દૂર ઈંગ્લેન્ડથી પણ આવ્યા છે.



આ શોભાયાત્રા એટલા માટે કાઢવામાં આવી છે કે હિંદુઓમાં એવો રિવાજ છે કે જ્યારે તેઓ પોતાના ઘરના દેવળનાં જે દેવ કે સંતપુરુષનાં સ્વરૂપો રાખતા હોય તેમને બીજા બદલાયેલ ઘરમાં પધરાવવા માટે લઈ જવાઈ રહ્યાં હોય. શ્રી પંકજભાઈ પટેલનું ઘર આ રીતે બદલાયેલું છે, તેથી આ શોભાયાત્રા પ્રયોજાઈ છે.

ઓઝોનાના શ્રી જે. આર. ભક્તે કહ્યું કે આ સાથે એક શિબિરનું પણ આયોજન છે. (નવરાત્રિ શિબિર) અને પોતે તેમાં ભાગ લેવા આવ્યા છે.

શ્રી પટેલના ઘરે ૧૦ દિવસની નવરાત્રિ ઉત્સવની ઉજવણી સાથે શિબિરનું આયોજન છે, જેમાં ૫૦૦ જેટલા ભાઈબહેનો ભાગ લઈ, પૂ. માના ઉપદેશો સાંભળશે.

પૂ. મા સર્વેશ્વરી મૌન રાખતાં હોવાથી શિબિરમાં કોઈ પ્રવચન નહિ આપે. પરંતુ તેઓ સાધકોને સ્વયં શિસ્ત જાળવવા તેમ જ પોતાના આવેગો ઉપર સંયમ કેમ જળવાય તે શીખવે છે. આ પ્રમાણે બ્રાઉન્સ વિલાની ઈરમા ગારસિઆ જે આ શિબિરમાં ભાગ લઈ રહી છે, તેણે કહ્યું.

શ્રી ગારસિયાએ વધુમાં ઉમેર્યું કે તેઓ હિંદુઓનાં પવિત્ર મા છે. ''ભલેને તમે ગમે તે ધર્મ પાડતા હો. તમારા ઈષ્ટદેવને તમે પ્રાર્થના કરતા રહો. આ ઉપર તેઓ ભાર મૂકે છે. અહીં આવનારા બધા સાધક ભાઈબહેનો પણ હિંદુધર્મના જુદા જુદા સંપ્રદાયના છે અને ભગવાનના જુદાં જુદાં સ્વરૂપોને ભજે છે. છતાં પૂ. માને અનુસરવામાં તેઓને કોઈ બાધ આવતો નથી.''

અંતમાં શ્રી ભક્તે કહ્યું છે કે, ''પૂ. મા તમને તમારા ધર્મમાં શ્રદ્ધા કેવી રાખવી જોઈએ તેનું માર્ગદર્શન આપે છે.''

## ('મા' સર્વેશ્વરીની શૈશવ કથા)

# પોયણું પાંગર્યું

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

હવે બાળકથાનો ત્રીજો વિભાગ પ્રારંભ પામે છે.

દરેક વિભાગમાં સ્મરણીય સ્મરણો છે જ. એ સ્મરણોને આ પૃષ્ઠો ઉપર ગૂંથવાના પ્રયત્ન શ્રી ગુરુભગવંતના જ લાગે છે.

તો જ આ શરીરનાં ઠેઠ અઠ્ઠાવનમા વરસે બાળપણને સંભારવાનું ને તેને પૃષ્ઠો ઉપર ઉતારવાનું કાર્ય શ્રી ગુરુભગવંતે જ માંડ્યું છે. એમને જેટલું યાદ કરાવવું હશે તેટલું યાદ કરાવશે, લખશે, લખાવશે.

આ સ્મરણો વળી શા માટે લખવાનાં? મન એવા પ્રશ્ન પણ ક્વચિત્ કરે છે. પણ તરત જ મન એક જ પ્રત્યુત્તર વાળે છે. આપણે શું? એ જાણે ને એમની યોજના જાણે!

કદાચ બાળપણની મહત્ત્વની પવિત્ર, નિર્મળ ને નિર્દોષ ધરતી ઉપર સંસ્કારનાં બીજ ને સુટેવોની ખેડ કેવું ને કેટલું શકવર્તી કાર્ય કરી શકે તે સૌને બતાવવાનો શ્રી ગુરુભગવંતનો શુભ આશય હશે.

આપણે તો ગુરુભગવંતના લહિયા બનીને કાર્યરત થવાનું છે. જે કંઇ પ્રેરક ભાથું મળે તે પ્રસાદ. બાકીનું બધું સૂપડીમાંથી ઉડાડી દેવાનું.

ચાલો, તો હવે દશમા વર્ષના દ્વારે તો આવી ગયા! 'દશમું વરસ દર્શનીય બની રહે, સ્મરણીય બની રહે સૌને માટે!' એવી પ્રાર્થના સાથે આ કલમ હવે આગળ યાત્રા કરશે.



વીતેલાં એ નવ વરસના સર્વક્ષેત્રના સર્વ સહાયક સ્વજનો-ના સ્મરણ સાથે સાદર વંદન કરી લઇએ.

કન્યાશાળામાં અનેક રજાઓ પડી હશે છતાં પાસ થઇ ગયા. ને હવે જાણે મોટા થયા એવું સૌને લાગ્યું હશે.

કન્યાશાળામાં સાત ધોરણ હતાં. પણ ફક્ત ચોથું જ ધોરણ ત્યાં ભણ્યાં.

પાંચમા ધોરણથી પેલી સરોજને મોટી સ્કૂલમાં બંને બહેનો-ની સાથે દાખલ કરવામાં આવી.

ફાર્મ પાસેનું ઘર ઘણું દૂર હતું. કોઇ પણ જાતની ત્યાં સગવડ ન હતી. છતાં નાછૂટકે ત્યાં એક વરસ રહેવું પડ્યું. પણ બાપુજીએ પછી એક ઘર શોધી કાઢ્યું.

તળાવને કિનારે ત્રણ—ચાર ઘર હતાં. તેમાંનું જ એક ઘર સૂરતી બજારના ધીરાકાકાની ચાલીના નામે ઓળખાતું.

તે ઘરથી બે મિનિટના જ રસ્તે મસ્જિદ પણ હતી.

સામે નાનાલાલ માસ્ટર ને બાજુમાં એક માજી ને તેનાં બાળકો રહેતાં. પાસે જ વ્યારાનો કોટવિસ્તાર ને ઔદીચ્ય બ્રાહ્મણની વાડી હતી.

એ ઘર એકંદરે સારું હતું. સ્કૂલથી નજીક હતું. વસ્તીની વચ્ચે હતું.

હવે ત્રણે બહેનો સાથે જ શાળાએ જાય છે ને આવે છે. માટે કોઇ પણ પ્રશ્ન ત્યાં ના નડ્યો. એ ઘરમાંથી પાંચમું ધોરણ ભણ્યાં.

એક શનિવારે ઘરમાં અંધારું હતું તો લાઇટ કરવા જેવાં સ્વિચ પાસે અમે ગયાં ને લાઇટ થઇ તો પગ પાસે કાળા રંગના ઊનના ચોટલા જેવું કંઇક પડેલું જોવામાં આવ્યું.

નીચા નમીને લેવા ગયાં તો તે તો કાળો સાપ હતો! બૂમા-બૂમ થઇ ગઇ. બધા ભેગા થઇ ગયા. સાપને મારી નાંખવામાં આવ્યો. બાજુવાળા માજીએ ત્રણે બહેનોને સૂચના આપી કે જ્યાં સાપ મારી નાંખ્યો તે જગ્યાએ ઘીનો દીવો કરો જેથી પાપ ના લાગે.

માજીની વાત કોઇ પણ દલીલ વગર સ્વીકારી લીધી. દીવો થઇ ગયો.

હાથમાં જો સાપ પકડી લીધો હોત તો? પગ પાસે જ હતો ને અંધારે પગ એના પર પડ્યો હોત તો ડંખ દેત. બધી જ શક્યતા હતી પણ શ્રી હરિએ રક્ષા કરી. એ નાનકડી સરોજને એક નવી દિશામાં વાળવા માટે પણ જિવાડવી જરૂરી હશે. તો જ રક્ષા થઇ ને!

અહીં બાજુમાં મસ્જિદ હતી. સાંજે નિયમિત નમાજ પઢતાં જે બાંગ પોકારવામાં આવતી તે બધા જ શબ્દો દરરોજ જ શ્રવણપટ પર અથડાતા એટલે સરોજને તે બધા જ શબ્દો મોઢે થઇ ગયેલા. આ રહ્યા તે શબ્દો :

અલ્લા હો અકબર

અર રહેમાન્ અર રહીમ્

દરરોજ મસ્જિદમાં જેવી બાંગ પોકારવાની ચાલુ થાય કે સરોજ તરત જ ઘરમાં બાંગ પોકારવા માંડે! એ કામ ભૂલ્યા વગર કરે. બંને બહેનો વઢે, અટકાવે, સમજાવે, ધમકાવે કે મુસલમાનની બાંગ બોલે તો મુસલમાન થઇ જાય. નકલ ના કરાય. પાપ લાગે. પણ એવી કોઇ શિખામણ કે સમજાવટ તે સમયે મનમાં ન ઊતરતી. બાંગ પોકારવાની એટલે પોકારવાની જ. એમાં કશું ખોટું ના લાગતું. જાણે તે એક પ્રિય પ્રવૃત્તિ હતી!

દયાળુ દેવને દ્વારે એ રીતે પોકારો પાડવાનો પ્રારંભ દસ



વરસની ઉંમરથી જ જાણે થઇ ગયો હતો. પોકારો પાડવાની જાણે તે તાલીમ હતી. મસ્જિદની બાંગ કે મંદિરની પ્રાર્થના બધું જ એ બાળકીને મન સરખું જ હતું એવું લાગે છે.

એ બાળમાનસથી જાણ્યેઅજાણ્યે થયેલી બંદગીનો જ જવાબ આ વર્તમાન જીવન હશે. મસ્જિદના અલ્લા ને મંદિરના મહા-દેવ બાળમાનસને એક જ લાગે ને?

સામેના ઘરમાં શ્રી નાનાલાલ માસ્ટર રહેતા. તેમને ત્યાં વૈષ્ણવ મંડળનાં ભજનો થતાં તેમાં કોઇક વાર જતાં એવું યાદ છે. એ રીતે સૂરતી બજારની વૈષ્ણવની હવેલીમાં પણ એકાદ વાર ગયાં છીએ. બાકી બીજા કોઇ મંદિરે જવાનું યાદ નથી. ઘરમાં તો અહીં પણ નાનકડી દેવમંદિરની જગ્યા તો હતી જ. સવારસાંજ દીવો પ્રગટાવવાનું કાર્ય પણ કોઇ કોઇ વાર અમારે ફાળે આવતું હતું.

તળાવને કિનારે એ ઘરમાં થોડુંક રહ્યા પછી હાઇસ્કૂલથી છેક નજીક ઘર મળી ગયું.

વ્યારા ઊનાઇ રોડ પર થિયેટરની પાસે અફીણવાળાની ચાલ-માં ત્રણ રૂમનું સરસ નવું ઘર હતું તેમાં ભાડે રહેવાનું થાય છે.

એટલે કે દસ વરસમાં આ ત્રીજું ઘર છોડવાનું થયું. કપૂરાનું, ફાર્મ પાસેનું ને આ તળાવવાળું ઘર પણ છોડ્યું. કોઇ પણ ઘરના વળગણને શ્રી હરિએ જ જાણે સહજ રીતે હળવા કરવાની યોજના બનાવી લાગે છે.

અહીં આ ઘરની આસપાસ આઠ ઘર એકસાથે હતાં. આખી ચાલમાં બધા લગભગ શિક્ષિત ને સારા સંસ્કારી ગણી શકાય તેવા જ પરિવારો હતા.

છેક બાજુમાં બંને બાજુ વૈષ્ણવ શાહ પરિવાર જ હતો. શરૂઆતમાં દિલ્હીમાં સ્થિર થઇ રહેલો મથાઇ પરિવાર પણ

થોડોક સમય પાડોશી તરીકે રહેલો. તે ઘરના સૌ ખૂબ સારું શિક્ષણ પામ્યા હતા. ચોથું ઘર પારસી ફોજદાર ડોલીબહેનનો પરિવાર હતો. પાંચમું ઘર અનાવિલ બ્રાહ્મણ, છઠ્ઠું ઘર શુકલ પરિવાર, સાતમું ઘર પણ બ્રાહ્મણ પરિવાર, આઠમું ઘર જૈન પરિવાર હતો.

સર્વક્ષેત્રના શિક્ષિતોનો અહીં મંગલ મેળો હતો. સૌ શાંતિ, પ્રેમ ને સંપથી રહેતા હતા.

સૌ ભાડે જ રહેતા હતા. કેટલાક એમાં બદલાયા પણ હતા. પારસી ને બદલે પટેલ, ને મથાઈને બદલે વૈષ્ણવ પણ આવ્યા. અરસપરસ કોઈ કોઈનાં સગાં ન હતાં. છતાં એક-બીજાના ઘર સાથે સંકળાયેલાં હતાં.

એ ઘરો સાથે અમારે પણ સારો સંબંધ હતો. પરંતુ કદી કોઈના ઘરે પાણી પીવાનું કે જમવા જવાનું ના થયું કે કદી એમના ઘરની કોઈ વસ્તુ અમારા ઘરમાં ખાવાના પદાર્થ તરીકે આવી હોય. આચારસંહિતાનો અહીં સહજ રીતે અમલ થતો હતો. કોઈને ઘેર ના ખવાય એવી પણ એક તાલીમ બાળ-માનસને મળી હતી.

કપૂરાથી જ વિવિધ જાતનું ભરપૂર ખાવાનું આવ્યા કરતું. દર શનિવારે સવારની શાળા એટલે કપૂરાથી બાપુજી જ ઘોડાગાડીમાં ટિફિન લાવતા. અને એ રીતે કપૂરાથી ચાલુ દિવસોમાં પણ વિવિધ વાનગી આવ્યા કરતી. એટલે એવી કોઈકને ઘેર ખાવાની કે પાણી પીવાની ઈચ્છા પણ થતી ન હતી.

કેવું સરસ એ બાળપણનું ભાથું હતું. હોટલો એકબે હતી. પણ તે તો તે જમાનામાં બગડેલા હોય તે જ હોટલનું ખાય એવી એક હવા હતી. એટલે હોટલનું તો નામ પણ ના લેવાય.



ઘરના જ પવિત્ર સાત્ત્વિક ભોજનનો આગ્રહ અહીં સહજ ટેવ બનીને બાળજીવનમાં વણાઈ ગયો હતો.

આચારસંહિતાનો પ્રથમ પાઠ શુદ્ધ સાત્ત્વિક આહારનો હતો. એ પણ એક નોંધપાત્ર જ ઘટના ગણાય ને?

અહીં એ સર્વ ઘરો જાણે એક એક નવી નવી પરંપરાના પ્રતીક—શાં હતાં. સર્વક્ષેત્રના એ શિક્ષિત પરિવારોનો સહવાસ જાણે બાળમાનસને વિશાળતા ને ઉદારતાના પાઠો શીખવતો રહ્યો.

અલગ અલગ સંપ્રદાય, અલગ અલગ જ્ઞાતિ ને અલગ અલગ રીતરિવાજોને બાળપણથી જ મૂલવવાની એક તક અહીં મળી. (ક્રમશઃ)

કેવળ પદાર્થો છોડી દેવાથી, રાગ કે આસક્તિનો નાશ થઈ જતો નથી. એટલે જ વૈરાગ્ય વિનાનો ત્યાગ લાંબો ટકતો નથી. એમ કહેવાયું છે. — યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.